**સુવિચાર**
આજનું એક મક્કમ પગલું આવતી કાલનાં ડગુમગું થતાં સો પગલાં કરતા વધુ લાભદાયક છે.
:: સૌજન્ય ::
**નિલકંઠ જ્વેલર્સ**
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૩/૦૩/૨૦૨૪, શનિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com
સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY
R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com
જિલ્લાનાં આમઆદમીનું અખબાર
# અમરેલી એક્સપ્રેસ
અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

એક એવી શાળા કે જયાં ભણવાનું ગૌરવ થાય
**નિત્યમ વિદ્યા સંકુલ**
નવા શૈક્ષણિક સત્રથી અમરેલીમાં...
બાલ મંદિરથી ધોરણ-૧૨, (સાયન્સ,કોમર્સ,આર્ટસ) ગુજરાતી/અંગ્રેજી માધ્યમ, બોયઝ & ગર્લ્સ હોસ્ટેલ

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૦ ફાગણ સુદ-૧૪ વર્ષ : ૧૫ અંક : ૦૮૬

## વોર્ડમાં દાખલ થયેલ દર્દીઓને અપાયેલ ઈન્જેકશનનાં લીધે

# અમરેલીની શાંતાબા જનરલ હોસ્પિટલમાં ૧૮ દર્દીઓની તબિયત લથડી

**મોડી રાત્રિનાં બનેલ ઘટનાને લઈને દર્દીઓનાં પરિવારજનોમાં દોડધામ મચી**

**તમામ દર્દીઓને ટ્રોમાં સેન્ટરમાં લઈ જઈને સારવાર શરૂ કરવામાં આવી**

**જો કે થોડી કલાકો બાદ દર્દીઓની તબિયતમાં સુધારો થયો**

**મોતિયાકાંડ બાદ વધુ એક વિવાદિત ઘટનાં બનતાં મેનેજમેન્ટ સામે નારાજગી**






અમરેલી, તા. ૨૨
અમરેલીની શાંતાબા જનરલ હોસ્પિટલમાં એક વોર્ડમાં સારવાર લઈ રહેલ ૧૮ દર્દીઓને રાત્રિનાં સમયે અપાયેલ ઈન્જેકશનનાં કારણે તબિયત લથડતા તમામ દર્દીઓને ટ્રોમાં સેન્ટરમાં ખસેડવામાં આવતાં દર્દીનાં પરિવારજનોમાં દોડધામ મચી હતી અને મેનેજમેન્ટ સામે નારાજગીનો માહોલ ઉભો થયો હતો. જો કે થોડી કલાકોમાં જ દર્દીઓની તબિયતમાં સુધારો થતાં સૌએ હાશકારો લીધો હતો.

જિલ્લાની મુખ્ય સિવિલ હોસ્પિટલનું સંચાલન ખાનગી ટ્રસ્ટને સોંપવામાં આવ્યા બાદ હોસ્પિટલમાં માત્ર બિલ્ડીંગોનો વિકાસ થયો છે. મેડિકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલમાં સોનોગ્રાફી,

અનુસંધાન પાના ૬ ઉપર

## દામનગરનાં વેપારી હિંમતભાઈ આલગીયાને છેતર્યા

# અમરેલીનાં ૨ વ્યકિતઓએ પેવર બ્લોકનાં નાણા ન ચૂકવી વિશ્વાસઘાત કર્યાની ફરિયાદ

અમરેલી, તા. ૨૨
દામનગર ગામે આવેલ કુંભનાથ સોસાયટીમાં રહેતા હિંમતભાઈ મધુભાઈ આલગીયા નામનાં ૫૪ વર્ષિય વેપારી પાસેથી સને ૨૦૨૨ માં અમરેલીના

અનુસંધાન પાના ૬ ઉપર

## ગીર સોમનાથ જિલ્લા કલેકટર દિગવિજયસિંહનો સપાટો

# ઈકો સેન્સેટિવ ઝોનમાં આવેલ વડવિયાળા વિસ્તારમાંથી ચાલતી ગેરકાયદેસર પ્રવૃત્તિ સામે કાર્યવાહી

**બ્લેકટ્રેપ ખનિજ અને પેવર પ્લાન્ટ સહિતનો લાખો રૂપિયાનો મુદ્દામાલ સીઝ**




તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

ઉના, તા. ૨૨
ગીર સોમનાથ જિલ્લા કલેકટર દ્વારા ઈકો સેન્સેટિવ ઝોનમાં ચાલતી ગેરકાયદેસર પ્રવૃતિ ઉપર ઘોસ બોલાવી છે. ગત મોડી રાત્રીના ગીરગઢડાના વડવીયાળા ગામે દરોડો પાડી ગેરકાયદેસર ચાલતા પેવર પ્લાન્ટ અને અનઅધિકૃત રીતે સંગ્રહ કરેલ બ્લેકટ્રેપ ખનીજના મોટા જથ્થા સાથે ૫૧.૯૬ લાખનો મુદામાલ સીઝ કરી જમીન માલિક સહિત કોન્ટ્રાકટર વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરતા ગેરકાયદે પ્રવૃત્તિ કરતાં તત્વોમાં ખળભળાટ મચી જવા પામ્યો છે.

ગીર સોમનાથ જિલ્લા

અનુસંધાન પાના ૬ ઉપર

## બેન્કનાં બાકીદારોમાં ફફડાટ ફેલાવતી ઘટના

# લીલીયામોટા : ક્રેડીટ કો.ઓપ. સોસાયટીનાં 3 બાકીદારોને ૬ માસની સજાનો હુકમ

લીલીયા મોટા, તા. ૨૨
લીલીયા મોટા ક્રેડીટ કો. ઓપરેટીવ સોસાયટીમાંથી સભાસદ (૧) કૃણાલભાઈ ધીરૂભાઈ હરસુરા (૨) આકાશભાઈ મહેન્દ્રભાઈ ડોડીયા (૩)

અનુસંધાન પાના ૬ ઉપર

NATRAJ
Gharelu Aatachakki
સ્માર્ટ બનો, સ્માર્ટ ખરીદો.
ફૂલ્લી ઓટોમેટીક ઘરઘંટીની વિશાળ શ્રેણી
સરળ માસીક હપ્તે વસાવો
0% વ્યાજદર
SERVICE SUPPORT
EXCHANGE OFFER
FREE INSTALLATION
EASY EMI AVAILABLE
BAJAJ FINSERV
HDB FINANCIAL SERVICES
RAM ENTERPRISE
અમરેલી જિલ્લાનો સૌથી વિશ્વસનીય અને પ્રતિષ્ઠિત શોરૂમ
રામ એન્ટરપ્રાઈઝ
હોટેલ અવધ પાસે, માર્કેટયાર્ડ રોડ, અમરેલી. ફોન : ૦૨૭૯૨-૨૨૩૭૪૨, મો. ૯૪૮૨૪ ૫૯૫૪૭

હોસ્પિટલ માટે સ્ટાફ જોઇએ છે
મેડીકલ ઓફીસર
M.B.B.S./B.H.M.S./B.A.M.S
પગાર ધોરણ : ૧૫૦૦૦/- થી ૨૧૦૦૦/- (અનુભવી માટે)
પગાર ધોરણ : ૧૪૦૦૦/- થી ૧૬૦૦૦/- (Freshers)
Day shift 2 (Ladies) Night shift 1(Ladies & Gents)
નર્સીંગ સ્ટાફ
GNM / ANM / Bsc Nursing
પગાર ધોરણ : ૧૧૦૦૦/- થી ૧૩૦૦૦/- (અનુભવી માટે)
પગાર ધોરણ : ૯૦૦૦/- થી ૧૧૦૦૦/- (Freshers)
Day shift 2 (Ladies) Night shift 2 (Ladies)
અમરેલીમાં રહેતા વ્યકિતઓને પ્રાથમિકતા આપવામાં આવશે.
ઈન્ટરવ્યુ માટે રૂબરૂ મળવું, ફોન કરવો નહિં
નારી
વુમન્સ & ચિલ્ડ્રન્સ હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.

ગુજરાતી માધ્યમ
ઓક્સફર્ડ સ્કૂલ ઓફ સાયન્સ (અમરેલી)
OXFORD SCHOOL OF SCIENCE AMRELI
-: કાર્યક્ષેત્ર :-
ધો. 6 થી 12
(સાયન્સ/કોમર્સ)
ધો. 11 સાયન્સ
સ્કોલરશીપ
પ્રવેશ પરીક્ષા
23rd માર્ચ શનિવાર -: સમય :- 3 થી 4:30
અથવા
Upto 100% Scholarship
24th માર્ચ રવિવાર -: સમય :- 9 થી 10:30
અભ્યાસક્રમ : ધો 10 (ગણિત + વિજ્ઞાન) 50 MCQ
★ ભાઈઓ/બહેનોની અદ્યતન હોસ્ટેલ સુવિધા
★ JEE/NEET/બોર્ડ/ગુજકેટ ની 100% સંપૂર્ણ તૈયારી કરાવતી જિલ્લાની એક અને માત્ર એક સ્કૂલ.
સંસ્થાનું છેલ્લા ત્રણ વર્ષનું પરિણામ

| MBBS | પેરા મેડિકલ | ધીરૂભાઈ અંબાણી ઈન્સ્ટિ. ગાંધીનગર (DAIICT) | અન્ય એન્જી. કોલેજ |
|---|---|---|---|
| 30 વિદ્યાર્થીઓ | 103 વિદ્યાર્થીઓ | 18 વિદ્યાર્થીઓ | 138 વિદ્યાર્થીઓ |

કેરિયા રોડ, સંજોગ ન્યુઝની બાજુમાં, Ph. - 02792-230010 / 20, Mo. - 63529 29855
શિક્ષકો એ જ સંચાલકો :- મયુરભાઈ ગજેરા, નિલેષભાઈ ગજેરા, પ્રહલાદભાઈ વામજા

## ભાજપ સરકાર સંપૂર્ણ બિનલોકશાહીરૂપે કાર્યવાહી કરીને લોકતંત્રને કરે છે બદનામ


# ''અબ કી બાર ભાજપ સત્તા સે તડીપાર'' : શકિતસિંહ ગોહિલ


**લોકશાહી શાસનમાં તમામ પક્ષોને ચૂંટણી લડવા માટે પુરતું મેદાન મળવું જોઈએ**

**હાર ભાળી ગયેલ ભાજપ સરકારે કોંગ્રેસ પક્ષને આર્થિક રીતે તોડી પાડવાનો કારસો રચ્યો**

**કોંગ્રેસ પક્ષનાં તમામ બેન્ક ખાતાઓ સીલ કરીને ભાજપે તેની હતાશા દર્શાવી છે**

**ભાજપ દેશને અરાજકતા, તોફાનો, ધ્રુવીકરણ જેવા રસ્તે લઈ જઈ રહી છે : જયનારાયણ વ્યાસ**





અમદાવાદ, તા. ૨૨

સંપૂર્ણ બિનલોકશાહી ઢબે કાર્યવાહી કરીને લોકતંત્રને બદનામ કરવાનું અને કોંગ્રેસના એકાઉન્ટ ફ્રીઝ કરી દેવાનું કામ કરતી ભાજપ સરકાર પર આકરા પ્રહાર કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અને સાંસદ શકિતસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, આપણા દેશની લોકશાહીની ઉત્તમ પરંપરાઓ અને બંધારણ આઝાદી પછી સમગ્ર વિમાં ઉત્તમ પ્રતિષ્ઠા પામી ચૂકી છે. ગભરાઈ ગયેલી ભાજપે વિરોધ પક્ષ સમાન રીતે ચૂંટણીનો મુકાબલો જ ન કરી શકે તે રીતે કર્યુ છે. લોકશાહીના મૂળભૂત સિદ્ધાંત તમામ રાજકીય પક્ષોને લોકોની વચ્ચે જવા માટે સમાન વ્યવસ્થા, સમાન તક એટલે કે અંગ્રેજીમાં Equal Level Playing Field કહેવામાં આવે છે. ભાજપે ભૂતકાળમાં આપેલી મોટી–મોટી ગેરંટીઓ સંપૂર્ણ નિષ્ફળ રહી છે. આગામી લોકસભાની ચૂંટણીમાં ખૂબ ખરાબ રીતે હારનો સામનો કરવો પડશે અને અબ કી બાર સત્તા સે તડીપાર જેવી પરિસ્થિતિ થઈ છે. ત્યારે વિરોધપક્ષો ચૂંટણી જ ન લડી શકે તેવા તમામ હથકંડાઓ શરૂ કરવામાં આવ્યા છે. કોંગ્રેસ પક્ષના એકાઉન્ટ ફ્રીઝ કરી દેવામાં આવ્યા છે અને ૧૧૫.૩૨ કરોડ રૂપિયા કે જે દેશની જનતાએ કોંગ્રેસ પક્ષને ભાજપનો મુકાબલો કરવા માટે ધન સ્વરૂપે આપ્યા હતા તે કોંગ્રેસ પક્ષના ખાતામાંથી ઉઠાવી લેવામાં આવ્યા છે.

આપણા દેશના કાયદાઓ મુજબ રાજકીય પક્ષોને મળેલા દાન ઉપર કોઈપણ પ્રકારના ઈન્કમટેકસ હોતો નથી. ભાજપા સહિત કોઈપણ રાજકીય પક્ષ ઈન્કમટેકસ ભરતો નથી. આમ છતાં માત્ર કોંગ્રેસ પક્ષના ૧૧ બેંક એકાઉન્ટ ફ્રીઝ શા માટે કરવામાં આવ્યા ? વર્ષ ૨૦૧૭–૧૮માં કોંગ્રેસ પક્ષને રૂા. ૨૧૦ કરોડનું દાન મળેલું, જેમાં માત્ર રૂા. ૧૪.૪૯ લાખ રોકડ દાનસ્વરૂપે સંસદસભ્યો દ્વારા મળેલા હતા, એટલે કે કુલ મળેલ દાનના ૦.૦૭% રોકડમાં દાન હતું. ૨૦૧૭–૧૮ના વર્ષમાં મળેલા આ દાનને સાત વર્ષ બાદ માત્રને માત્ર આગામી ચૂંટણીમાં કોંગ્રેસ પક્ષને નાણાકીય તકલીફો ઉભી થાય એટલા માટે જ સમગ્ર પ્રકરણ ઉભું કરવામાં આવ્યું. આ ટાઈમીંગ જુઓ ૧૩ ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ કોંગ્રેસ પક્ષના બેંક ખાતાઓ ફ્રીઝ કરવામાં આવ્યા અને રૂા. ૨૧૦.૨૫ કરોડનું લીયન કાઢવામાં આવ્યું. માત્ર રૂા. ૧૪.૪૯ લાખ રોકડ દાન ઉપર ૧૦૬% વધારાના ગણીને રૂા. ૨૧૦ કરોડની માંગણી કેટલા અંશે વ્યાજબી ? ઈન્કમટેક્ષની કલમ ૨૩૪(એફ) અનુસાર જો કોઈ ખામી હોય તો માત્ર ૧૦ હજાર રૂપિયાનો દંડ કરી શકાય. આ સમગ્ર બાબતથી એ સ્પષ્ટ થાય છે કે માત્ર હાર ભાળી ગયેલી ભાજપ વિરોધપક્ષ ચૂંટણી ન લડી શકે તે માટે બિનલોકશાહી હથકંડા કરે છે. કોંગ્રેસ પક્ષને પરેશાન કરવા ભાજપ એકબીજી પણ હાસ્યાસ્પદ નોટીસ આપી છે વર્ષ ૧૯૯૩–૯૪માં કે જયારે સીતારામ કેસરીજી અધ્યક્ષ હતા તે સમયની લીયન ચાર્જીસની ગણતરી કરીને આપો. ૩૧ વર્ષ પછી આ પ્રકારની માંગણી કે નોટીસ સ્પષ્ટ દર્શાવે છે કે ભાજપની હતાશા કેટલી હદ સુધીની છે.

સંપૂર્ણ ગેરકાયદેસર આ કાર્યવાહી વિરૂદ્ધ કોંગ્રેસ પક્ષ ચોક્કસ ન્યાયાલયમાં જઈને ન્યાય મેળવી શકે તેવી પરિસ્થિતિ હોવાના કારણે સાત વર્ષ સુધી કોઈ કાર્યવાહી ન કરી અને જયારે એકદમ ચૂંટણી માથા ઉપર આવી ગઈ ત્યારે જ બેંક ખાતાઓ ફ્રીઝ કરીને પૈસા ઉઠાવી લીધા કે જેથી હવે જયારે નીચેથી ઈન્કમટેકસ ટ્રીબ્યુનલથી શરૂ કરીને સુપ્રિમ કોર્ટ સુધી કાયદાકીય લડત પહોંચે ત્યાં સુધીમાં ચૂંટણી પૂર્ણ થઈ જાય અને જયારે ચૂંટણીના સમયે નાણાની જરૂરિયાત હોય ત્યારે કોંગ્રેસ પક્ષને નાણા મળે જ નહીં આ પ્રકારની હલકી રાજનીતિ ભાજપે કરી છે.

એક તરફ ઈલેકટ્રોરલ બોન્ડના નામે ભાજપે ભયમુકત ભ્રષ્ટાચારી ૮૨ અબજ ૫૨ કરોડ રૂપિયાનું ધનભંડોળ એકત્રિત કરીદીધું છે. એક તરફ સરકારી તિજોરીમાંથી મોટા લાભ આપવાના અને બીજી તરફ ઈલેકટ્રોરલ બોન્ડના નામે કમિશન લેવાનું તથા ઈડી, આઈટી અને સીબીઆઈની રેડો કરાવીને હપ્તાની વસૂલી કરવાના અનેક કિસ્સાઓ સુપ્રિમ કોર્ટે ઈલેકટ્રોરલ બોન્ડની માહિતી જાહેર કરાવી છે ત્યારથી બહાર આવ્યા છે. એક પક્ષ ૮૨ અબજ ૫૨ કરોડ રૂપિયાનો ઈલેકટ્રોરલ બોન્ડથી ધનસંગ્રહ કરીને બેઠો છે એ પક્ષ મુખ્ય વિરોધપક્ષ ચૂંટણી ન લડી શકે તે માટે તેના બેન્ક એકાઉન્ટ ફ્રીઝ કરે અને ગેરકાયદેસર નાણા પણ ઉઠાવી લે તે લોકશાહીના ઈતિહાસમાં કાળા અક્ષરે લખાશે અને જનતા જનાર્દન આને માફ નહીં કરે. કોંગ્રેસ પક્ષે વિસ વ્યકત કર્યો હતો કે લોકશાહીનું ચીરહરણ કરવા નીકળેલી ભાજપને દેશની મહાન જનતા માફ નહીં કરે અને તેને પરાસ્ત કરશે.

ગુજરાત કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ અને સી.ડબ્લ્યુ.સી.ના સભ્ય જગદીશ ઠાકોરે જણાવ્યું હતું કે, દેશનો તાનાશાહ ડરી ગયો છે. સત્તામાં હતા ત્યારે શું ખેલ કર્યા છે તે સૌ જાણે છે. સત્તા જતી રહે તો શું હાલ થશે તે જાણે છે. રાહુલ ગાંધીની યાત્રા રોકવાના પણ અનેક પ્રયાસ ભાજપે કર્યા. કોંગ્રેસને હેરાન કરવાનું ભાજપે કંઈ બાકી નથી રાખ્યું, ભાજપે ૧૦ વર્ષમાં તાલુકાથી જિલ્લા અને રાજયોમાં કાર્યાલય બનાવ્યા. હોટલ જેવા કાર્યાલય બનાવવાના પૈસા ૧૦ વર્ષમાં કયાંથી આવ્યા. કમલમમાં કમિશન જમાં કરાવો તો જ સરકારી કોન્ટ્રાકટના બિલ મંજૂર થાય, ચૂંટણીમાં હજુ અનેક અથકાંડા ભાજપ અજમાવશે.

રાજીવ ગાંધી ભવન ખાતે પૂર્વમંત્રી અને કોંગ્રેસ પક્ષના વરિષ્ઠ નેતા જયનારાયણ વ્યાસે જણાવ્યું હતું કે, કોંગ્રેસના મંચ પરથી માત્ર હકીકત કહેવી છે. જે કારણોથી કોંગ્રેસ પક્ષનું બેંક એકાઉન્ટ ફ્રીઝ કરી શકાય તે પૈકીનું એક પણ કારણ આમાં નથી. વિજય માલ્યા રૂા. ૯ હજાર કરોડમાં બેંકને નવડાવી ગયા. નિરવ મોદી, મેહુલ ચોકસી, સાંડેસરા બ્રધર્સ આ તમામ લોકો કરોડો રૂપિયાના નાણાં ઉઠાવીને જતા રહ્યા મોદી સરકારના શાસનમાં દેશમાં ફ્રોડની રકમ ૫.૩ ટ્રિલિયન રૂપિયા સુધી પહોંચી ગઈ છે. વિમાં ખૂબ આદર સત્કારની વાતો કરતી ભાજપ જહોનિસબર્ગમાં સાહેબનું પ્લેન ૧૫ મિનિટ રોકી રખાય તે અંગે કેમ કશું બોલતી નથી. એક ભારતીય તરીકે દુઃખ થાય. ભાજપનો આત્મવિાસ ખૂટવા લાગ્યો છે. મહાભારતમાં કૃષ્ણે પાંડવો માટે માત્ર ૫ ગામડા માગ્યા હતા. ભાજપ દેશને અરાજકતા, તોફાનો, ધ્રુવીકરણ જેવા રસ્તે લઈ જઈ રહી છે. કોંગ્રેસ વર્ષોથી ચાલતો નદીનો પ્રવાહ છે એક હાથથી તેને રોકી શકાય નહીં. શ્યામાપ્રસાદ મુખરજી અને અટલજી કોંગ્રેસ સાથે સંકળાયેલા હતા અને બાદમાં જનસંઘમાં જોડાયા હતા. દિલ્હીની સરકાર કુરૂક્ષેત્ર બનાવવા તરફ આગળ વધી રહી છે. માલદીવ જેવો નાનો દેશ આંખો કાઢે છે, ત્યાં તાકાત બતાવે ભાજપ સરકાર.

આ પત્રકાર પરિષદમાં વિધાનસભા કોંગ્રેસ પક્ષના ઉપનેતા શૈલેષભાઈ પરમાર, ઉપપ્રમુખ બિમલભાઈ શાહ, મીડીયા કન્વીનર અને પ્રવકતા ડો. મનિષ દોશી, પ્રદેશ પ્રવકતા હિરેન બેંકર ઉપસ્થિત રહ્યા હતા.

## ભાવનગર રેલ્વે ડિવિઝનનાં લોકો પાયલટની સતર્કતાએ ૮૯ સિંહોના જીવ બચી ગયા

સાવરકુંડલા, તા. ૨૨

પશ્ચિમ રેલ્વેના ભાવનગર ડિવિઝન દ્વારા સિંહોને ટ્રેનની અડફેટે આવતા બચાવવા માટે વિવિધ પગલા લેવામાં આવ્યા છે. ડિવિઝન દ્વારા સ્પીડ કંટ્રોલ માટે લોકો પાયલોટને કડક સૂચના આપવામાં આવી છે. તેમને ઢસાથી પીપાવાવ, ગાધકડાથી વિજપડી, રાજુલા સિટીથી પીપાવાવ પોર્ટ અને રાજુલાથી મહુવા સેકશન જેવા વનવિસ્તારોમાં ખાસ કાળજી રાખવા અને હોર્ન વગાડવા અને ઝડપ મર્યાદા નિયંત્રણમાં રાખવા સૂચનાઓ આપવામાં આવી છે. જેનું લોકો પાઈલોટસ દ્વારા પાલન કરવામાં આવી રહ્યું છે. સિંહો રેલ્વે ટ્રેકની નજીક હોવાની સ્થિતિ જાણવા મળે છે ત્યારે રેલ્વે પ્રશાસન દ્વારા સાવચેતીના આદેશો જારી કરવામાં આવે છે. રેલ્વે ટ્રેક નજીક સિંહોની હિલચાલ પર વનવિભાગ અને રેલ્વે પ્રશાસન દ્વારા બારીકાઈથી નજર રાખવામાં આવી રહી છે.

લોકો પાયલોટ દ્વારા લેવાયેલી સાવચેતીના કારણે છેલ્લા ત્રણ નાણાકીય વર્ષ ૨૦૨૧–૨૨માં ૨૯ સિંહો, ૨૦૨૨–૨૩માં ૨૭ સિંહો અને ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૩–૨૪માં ૩૩, આમ કુલ ૮૯ સિંહોને ટ્રેનની અડફેટે આવવાથી બચાવી લેવામાં આવ્યા હતા.

### લોકસભાની ચુંટણીને અનુલક્ષીને

## અમરેલી જિલ્લાનાં ભાજપી આગેવાનોની પ્રદેશ કાર્યાલય ખાતે બેઠક યોજાઈ

**નાયબદંડક વેકરિયા સહિતનાં આગેવાનો ઉપસ્થિત રહ્યા**



અમરેલી, તા. ૨૨

કર્તવ્યમ કાર્યાલય ખાતે લોકસભા ૨૦૨૪ની ચૂંટણીને અનુલક્ષીને અમરેલી વિધાનસભાની કોર કમિટીની બેઠક યોજવામાં આવી.

નાયબ દંડક વેકરીયા, વિધાનસભાના પ્રભારી વિજયભાઈ ભગત, જિલ્લા ભાજપ પ્રમુખ કાબરીયા, જિલ્લા ભાજપ મહામંત્રી મેહુલભાઈ ધોરાજીયા વગેરે પદાધિકારીઓની હાજરી હતી. વિધાનસભાના તમામ પદાધિકારીઓએ પાર્ટીના કાર્યકર્તાઓને સાથે લઈ બુથ માઈક્રો મેનેજમેન્ટથી તમામ મતદારો સાથે સંપર્કમાં રહીને પ્રચાર કાર્ય શરૂ કરવા આહવાન કરવામાં આવ્યું.

આવનાર લોકસભા ૨૦૨૪ની ચૂંટણીને અનુલક્ષીને ૯૫–અમરેલી વિધાનસભા વિસ્તારમાં મતદાન વધારવા માટે ભારતીય જનતા પાર્ટી દ્વારા શરૂ કરવામાં આવનાર 'ઘર ઘર ચલો અભિયાન' તેમજ 'મારો પરિવાર મોદી પરિવાર' વિશે અમલવારી કરવા રણનીતિ બનાવવામાં આવી.

કેન્દ્રની મોદી સરકાર દ્વારા છેલ્લા ૧૦ વર્ષમાં કરવામાં આવેલ અવિરત વિકાસના કામોની બાબતે મતદારોને માહિતગાર કરવા, તેમજ આવનારી ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીને વિજેતા બનાવવા તમામ ઈન્ચાર્જ પદાધિકારીઓ, ચૂંટાયેલી પાંખના કાર્યકરોએ ડોર ટુ ડોર કેમ્પેઈન, લોક સંપર્ક, બુથ સમિતીથી લઈને પેજ સમિતિ સુધી તમામને આવરી લઈ બેઠકોનો દોર શરૂ કરી દેવા સૂચના આપવામાં આવી.

ઉલ્લેખનીય છે કે થોડા દિવસ અગાઉ અમરેલી ભારતીય જનતા પાર્ટી દ્વારા લોકસભા ચૂંટણી ૨૦૨૪ માટે મધ્યસ્થ ચૂંટણી કાર્યાલયનું પણ ઉદઘાટન કરી દેવામાં આવ્યું છે.

આગામી સમયમાં ચૂંટણી પ્રચાર સંદર્ભે અમરેલી વિધાનસભામા દરેક મંડળમાં પોતાની ટીમ સાથે સંપર્ક અભિયાન હાથ ધરવા વિશેષ સૂચના. ઉપરાંત આગામી દિવસમાં બુથ માઈક્રો મેનેજમેન્ટ હેઠળ પ્રત્યેક બુથ પર બુથ કાર્યકરોને વિશેષ કામગીરી સોંપવામાં આવી છે, અગાઉ જે તે બૂથ પર જે મતદાન થયું છે તેના કરતાં વધુમાં વધુ મતદાન થાય છે તેમજ તેમાં સપ્રમાણ લીડની ટકાવારીમાં ઉત્તરોઉત્તર વધારો થાય તે માટે કામગીરી કરવા સૂચના આપવામાં આવી. ડોર ટુ ડોર લોકસંપર્ક, આગામી સમયમાં બુથ વાઈસ મિટિંગનું આયોજન કરી, ચૂંટાયેલા પાંખના કાર્યકર્તા ડોર ટુ ડોર સંપર્ક કરી, તમામ મતવિસ્તારમાં સંમેલનો, વરિષ્ઠ નાગરિકો, મહિલાઓ, યુવાનો, વ્યવસાયિકો સાથે સંમેલન યોજવામાં આવશે. જે અંગેના આયોજન કરવા ચર્ચા કરવામાં આવી હતી.

## અમરેલી : એસ.ટી.ના કર્મચારીને કાયદાકીય ભાન કરાવતા ડેપોના મેનેજર

અમરેલી, તા. ૨૨

ગત તારીખ ૨૧ ના રોજ લાઠી રોડ પર એસ.ટી. ડિવિઝન પાસે ડેપોમાં હેડ મિકેનિક ફરજમાં હતા ત્યારે વર્કશોપના રવુભાઈ ખાચરે તેઓની પાસે આવી જણાવેલ કે શહું ડીઝલ પંપ પર ફરજ બજાવા જઈશ નહીં અને તમારે મારી હાજરી પુરવી જ પડશે.

તેમ કહી હેડ મિકેનિક સાથે ખોટી રીતે તકરાર ઊભી કરી અસભ્ય વર્તન કરી ગાળો બોલવા લાગેલ હતા. આ સમયે રવુભાઈ પી. ખાચર વર્કશોપ ખાતે એસ.ટી નિગમની પ્રીમાઈસીસમાં કેફી પીણું પીધેલી હાલતમાં હતા. આ બાબતની જાણ અમરેલી એસ.ટી.ના ડેપો મનેજર એ.પી. કરમટાને થતા તાત્કાલિક પોલીસને બોલાવેલ અને રવુભાઈ પી.ખાચરને એસટી ડિવિઝન નજીક રોડ પર થી પકડી પાડેલ હતા.

### યુવા નેતા મનિષ સંઘાણીના માર્ગદર્શન હેઠળ આયોજીત

## અમરેલી ખાતે ઈન્ટરનેશનલ સહકારી સેમિનારનો સમાપન સમારોહ યોજાયો

**નેપાળ, શ્રીલંકાનાં 33 સહભાગીઓ જોડાયા**



અમરેલી, તા. ૨૨

અમરેલી ખાતે સી. આઈ. સી.ટી.એ./એન.સી.યુ.આઈ. અને અમરેલી જિલ્લા સહકારી સંઘ ધ્વારા તા. ૧૮/૩/૨૪ થી તા. ૨૧/૩/૨૪ સુધીનો ઈન્ટરનેશનલ સહકારી સેમિનાર અમરેલી જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ અને યુવા નેતા મનીષ સંઘાણીના માર્ગદર્શન હેઠળ આયોજીત કરવામાં આવ્યું હતું.

જેમાં નેપાળ, શ્રીલંકા અને ભારતના વિવિધ રાજયોના ૩૩ જેટલાં સહભાગીઓએ ભાગ લીધો હતો જયારે તા. ૨૧/૦૩/૨૦૨૪ ના રોજ આ સેમિનારનો સમાપન સેમિનાર એન.સી.યુ. આઈના ડેપ્યુટી એઝિક્યુટીવ સાવિત્રી સિંઘજી. સીઆઈ. સી. ટી. એ ના ડો. રવિ જી. ઈંદ્રપ્રિત કાર, જોન, અને અમરેલી જિલ્લા સહકારી સંઘના એકઝિક્યુટીવ ભાર્ગવ ત્રિવેદીની ઉપસ્થિતિમાં યોજાયો હતો જેના તમામ સહભાગીઓને મોમેન્ટો અને સર્ટિફિકેટ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

## બગસરામાં વિનામુલ્યે નેત્રનિદાન કેમ્પ યોજાયો



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૨૨

જેસિઝગ્રુપ બગસરા સંચાલિત શા. માણેકચંદ મુલચંદ સા. ટ્રસ્ટ આંખની હોસ્પિટલ ખાતે સ્વ. ભાદાભાઈ રણછોડભાઈ ભાલાળા, સ્વ.મણીબેન રણછોડભાઈ, સ્વ. ધનજીભાઈ ભાદાભાઈ ભાલાળા તથા સ્વ.ભાનુબેન ભાદભાઈના સ્મરણાર્થે ભરતભાઈ તથા રાજુભાઈ ભાલાળા પરિવારના સૌજન્યથી ૫૯૨ મો વિનામુલ્યે નેત્રનિદાન કેમ્પ શ્રી રણછોડદાસજી બાપુ ચેરિટેબલ ટ્રસ્ટ રાજકોટના સહકારથી રાખવામા આવેલ છે.

આ કેમ્પમાં દીપ પ્રાગટ્ય કરી ભાલાળા પરિવાર તથા સંતો મહંતો દ્વારા કેમ્પને ખુલ્લો મુકાયો હતો આ કેમ્પમાં આપાગીગા ની જગ્યા ના કોઠારી હરિબાપુ તથા રામદેવપીર મંદિરના મહંત ઘુસાભગત ભરતભાઈ ભાલાળા રાજુભાઈ ભાલાળા હર્ષદભાઈ ડો સુમરા, સુરાણીભાઈ વિનુભાઈ ભરખડા આંખના દવાખાના પ્રમુખ પ્રકાશભાઈ રાણીંગા ઉપસ્થિત રહ્યા હતા આ કેમ્પમા મોતિયાના ૪૦ ઓપરેશન તથા ઓપેડી ૯૦ દર્દીઓને આંખની ચકાસણી કરવામાં આવી હતી જરૂરીયાતવાળા દર્દીઓને વિનામુલ્યે આપરેશન કરી નેત્રમણી બેસાડી દેવામા આવશે.

આપરેશન માટે જનાર તમામ દર્દીઓની જમવાની વ્યવસ્થા કાયમી દાતા. ગેરાંગભાઈ ચુડાસમા ના સહયોગથી કરવા આવી હતી તેમ પ્રકાશભાઈ રાણીગાની યાદીમાં જણાવેલ છે.

### ગીર પુર્વ વન વિભાગ દ્વારા

## ખાંભા ખાતે વિશ્વ ચકલી દિન અને વન દિનની ઉજવણી કરાઈ

**માળા, પાણીનાં કુંડાનું વિતરણ કરાયું**



ખાંભા, તા. ૨૨

તુલસીશ્યામ રેંજના પીપળવા રાઉન્ડના કાર્ય વિસ્તારમાં આવતા ખાંભા ગામની ભગવતિ પરા વિસ્તારની પ્રાથમિક શાળા ખાતે વિશ્વ ચકલી દિવસની ઉજવણી કરવામાં આવી હતી આ કાર્યક્રમમાં ખાંભા ગામના સરપંચ શ્રી બાબાભાઈ ખુમાણ ગીત નેચરલ ફાઉન્ડેશન ક્લબ ખાંભાના પ્રમુખ ભીખુભાઈ બાટાવાળા તથા સ્કૂલના પ્રિન્સિપલ શિક્ષક સ્ટાફ અને શાળામાં અભ્યાસ કરતા ૧૦૦ જેટલા બાળકોએ ભાગ લીધો હતો અને ઉજવણી કાર્યક્રમ અંતર્ગત રેન્જ ફોરેસ્ટ ઓફિસર રાજલબેન પાઠક તુલસીશ્યામ રેન્જ ખાંભામાં માર્ગદર્શનથી બાળકોને ફોરેસ્ટ ગાર્ડ એસ. એસ. વરૂ દ્વારા સંબોધન કરી વિશ્વ ચકલી દિવસનું મહત્વ સમજાવી શાળાના બાળકોને ચકલી માટેના માળા તથા ચણાનું પાત્ર અને માટીના પાણી ભરવા માટેના કુંડા નું વિતરણ કરવામાં આવ્યું હતું. લાસા ગામની પ્રાથમિક શાળા ખાતે વિશ્વ વનદિવસની ઉજવણી કરવામાં આવી હતી કાર્યમાં લાસા ગામના સરપંચ રસિકભાઈ રસોવઠીયા તથા ગામના આગેવાનો સ્કૂલના પ્રિન્સિપાલ તથા શિક્ષક સ્ટાફ અને શાળામાં અભ્યાસ કરતા ૭૦ જેટલા બાળકોએ ભાગ લીધો હતો રેન્જ ફોરેસ્ટ રાજલબેન પાઠક તુલસીશ્યામ રેન્જ ખાંભાના માર્ગદર્શનથી પીપળવા રાઉન્ડ સ્ટાફ તથા સ્ટાફ મળી ઉજવણી કરવામાં આવી હતી કાર્યક્રમ અંતર્ગત સ્ટાફ દ્વારા વન તથા વન સંપ્રદાન મહત્વ સમજાવવામાં આવ્યો હતો તે શાળાના બાળકો દ્વારા વન વિશે વકતવ્ય આપવામાં આવેલ તથા શાળામાં રોપા વિતરણ કરી કાર્યકર્મની ઉજવણી કરવામાં આવી હતી.

## અમરેલી શહેર ભાજપ દ્વારા મંડળ મોરચાની લોકસભા ચુંટણી અનુસંધાને બેઠક મળી



અમરેલી, તા. ૨૨

આજરોજ અમરેલી શહેર ભાજપ કાર્યાલય ખાતે આગામી લોકસભા ચૂંટણી અનુસંધાને અમરેલી શહેર ભાજપના હોદ્દેદારોની અગત્યની મીટીંગ જિલ્લા ભાજપના મહામંત્રી મેહુલભાઈ ધોરાજીયા તથા વિધાનસભાના પ્રભારી વિજયભાઈ ભગત ની ઉપસ્થિતિમાં મળેલ હતી. મિટિંગમાં શહેર ભાજપ પ્રમુખ ભાવેશભાઈ સોઢા, મહામંત્રી રાજેશભાઈ માંગરોળીયા પાલિકાના પ્રમુખ બીપીનભાઈ લીંબાણી, કારોબારી ચેરમેન મનીષભાઈ ધરજીયા, નગરપાલિકાના દંડક દીલાભાઈ વાળા, યુવા મોરચાના અર્જુનભાઈ દવે વિગેરે મંડલ મોરચાના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

## વિશ્વ જળ દિવસની ઉજવણી અંતર્ગત

# અમરાપુર ખાતે 'વસુંધરાની વેદના'નો સુંદર કાર્યક્રમ યોજાયો

નાયબ દંડક વેકરિયા, જે.વી. કાકડીયા સહિતના રાજકીય આગેવાનો ઉપસ્થિત રહ્યા

યોગીજી પૂ. શેરનાથજીબાપુ સહિત સંતો, સામાજિક આગેવાનોની હાજરી

વતનનાં રતન એવા પરશોતમભાઈ ગેવરીયા દ્વારા વતનમાં તળાવ, વૃક્ષો, જળસંચય, પર્યાવરણ જેવા કાર્યો અવિરત કરે છે

સરદાર પટેલ અને સ્વામી વિવેકાનંદ લોક કલ્યાણ ટ્રસ્ટ તથા ભીમાણી-ગેવરીયા કોલેજ દ્વારા સુંદર આયોજન



તસ્વીર : રાજુ યાદવ-કુંકાવાવ

કુંકાવાવ, તા. ૨૨

અમરાપુર ખાતે આજે વિશ્વ જળ દિવસની ઉજવણીનાં ભાગરૂપે વસુંધરાની વંદનાનો સુંદર કાર્યક્રમનું આયોજન સરદાર પટેલ અને સ્વામી વિવેકાનંદ લોક કલ્યાણ ટ્રસ્ટ તથા માતૃશ્રી દુધીબેન ડાયાભાઈ ભીમાણી અને કાશીબેન નારણભાઈ ગેવરીયા બીબીએ, બીસીએ કોલેજ ધ્વારા આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આવતા સમયમાં પાણીની જરૂરિયાત અને તેને બચાવવા તેમજ વૃક્ષોની જરૂરિયાત અને પર્યાવરણની જરૂરત તેમજ મહત્વ પાણી અને શિક્ષણ જેની સૌની વધુ જરૂરી છે તેવા લોક ઉપયોગી કાર્યો જે સતત વર્ષોથી કરી રહ્યા છે. એવા વતનના રતન પરશોતમભાઈ ગેવરીયા અને તેની ટીમ ધ્વારા અમરાપુર ખાતે સદર તળાવ બનાવવાનું કામ છેલ્લા બે વર્ષથી થઈ રહ્યું છે. સાથે સાથે વૃક્ષોનું વાવેતર અને ઉછેરની પ્રવૃત્તિઓ પણ થઈ રહી છે અને નાના એવા ગામડામાં કોલેજ જેવી સુવિધા ઉભી કરીને અનેક યુવાનોનું ઘડતર થઈ રહ્યું છે. એવું શિક્ષણનું કાર્ય કરીને વતનનું ૠણ ચુકવી રહેલા આવા સમાજના દાતા અને શિક્ષણપ્રેમી એવા પરશોતમભાઈ ગેવરીયાનાં આમંત્રણને માન આપીને રાજકીય આગેવાનો સાંસદ નારણભાઈ કાછડીયા, ધારાસભ્ય કૌશિકભાઈ વેકરિયા, ધારાસભ્ય જે.વી. કાકડીયા તેમજ સરદાર પટેલ એજયુકેશનનાં ટ્રસ્ટી જે.કે. ઠેસીયા, નિર્દોષાનંદ હોસ્પિટલનાં ટ્રસ્ટી બી.એલ. રાજપરા, પૂર્વ કુલપતિ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનાં ગીરીશભાઈ ભીમાણી, વસંતભાઈ મોલીયા સહિતનાં સમાજનાં આગેવાનો તેમજ સંત સીરોમણી પૂજય સેરનાથબાપુ મહંત ગૌરક્ષા આશ્રમ જુનાગઢ તેમજ અક્ષર વલ્લભ સ્વામી કોઠારી સ્વા. મંદિર, અમરાપુર ગુરૂદત આશ્રમનાં મહંત વસંતગીરીબાપુ સહિતનાં સંતો તેમજ વિવિધ ક્ષેત્રના આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને વિશ્વ જળ દિવસની ઉજવણીનાં ભાગરૂપે વસુંધરાની વંદના કરીને આવનારા સમયમાં શિક્ષણ, પર્યાવરણ, પાણીની જરૂરીયાત ઉપર રાજકીય આગેવાનો તેમજ સંતોએ પ્રવચન આપીને જરૂરિયાતની સમજ આપીને સમાજ વ્યસનમુકત અને માનસિક રીતે તેમજ શારીરિક રીતે મજબૂત બને તેવા વિષયો ઉપર પ્રસંગને અનુરૂપ માર્ગદર્શન કર્યુ હતું. આમ નાના એવા ગામડામાં સાગર જેવો મોટો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં જિલ્લાનાં મહત્વનાં રાજકીય આગેવાનો, સામાજિક સંસ્થાના ટ્રસ્ટીઓ તેમજ બુધ્ધિજીવી લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને આયોજકો ધ્વારા આગામી સમયમાં કયા મહત્વનાં લોક ઉપયોગી કાર્યો કરવાના અને જે થઈ રહ્યા છે તેની વિસ્તૃત જાણકારી આપી હતી અને આવા ભગીરથ કાર્યમાં જે લોકો તન, મનથી સેવા અને સહકાર આપી રહ્યા છે તેવા તમામ લોકોનું ભવ્ય સ્વાગત સાથે સન્માનીત કરવામાં આવ્યા હતા. આમ વતનનાં આંગણે ગામ વિકાસની અનેક સેવા પ્રવૃત્તિઓમાં આ ગામલોકોને સહકાર આપવા આહવાન કરવામાં આવ્યું હતું અને જે કંઈ જરૂરિયાત છે તેની ચિંત કર્યા વગર કામ કરી આર્થિક સહયોગ અમારૂ ટ્રસ્ટ ભોગવશે તેની વિગતો આપીને વતનને નંદનવન બનાવવા માટે સૌ કોઈના સહકાર બદલ આયોજકો ધ્વારા આભાર માનવામાં આવ્યો હતો. આ પ્રસંગે ૨૦૦૦થી વધારે લોકો હાજર રહ્યા હતા અને ૨૦૦થી વધારે લોકો, આગેવાનોને સન્માનીત કરીને શિલ્ડ, મોમેન્ટો આપવામાં આવ્યા હતા.

## સિંહોની સુરક્ષા કરવામાં વન વિભાગ સક્રિય બને

# સાવરકુંડલા : આંબરડી નજીક શિકારની શોધમાં સિંહણનું ૪ બચ્ચા સાથે આગમન

ખેડુતો સીમ વિસ્તારમાં પહોંચતા સિંહ પરિવારે દેખા દીધી

અમરેલી, તા. ૨૨

સિંહોનું સામ્રાજય ગણાતા અમરેલી જિલ્લાના રેવન્યુ વિસ્તારમાં સિંહોના આંટા ફેરા વધતા ખેડૂતોમાં ભય વ્યાપી ગયો છે.

આજે સવાર સવાર માં જ સાવરકુંડલાના આંબરડી ગામ નજીક આવેલ એક ખેતરમાં એક સિંહણ ચાર બચ્ચાંસાથે ખેતરમાંચક્કર લગાવતી જોવા મળીહતી. ખેડૂતસાથે ખેતમજુર ખેતીકામ અર્થે વાડીએ પહોંચતા વાડીમાંચાર બચ્ચાં સાથે સિંહણ આંટા ફેરા કરતી નજરે પડતાં ખેડૂત અને ખેત મજુરો ઘર તરફ પરત આવી ગયા હતા. નોંધનીય છે કે છેલ્લા ઘણા


તસ્વીર : સુભાષ સોલંકી-આંબરડી

સમયથી સિંહણે ચાર બચ્ચાં સાથે આંબરડી ગામ નજીક રેવન્યુ વિસ્તારમાં પોતાનું આશ્રય સ્થાન બનાવી લીધું છે.

અવાર નવાર દિવસે કાંતો રાત્રિના સમયે સિંહણ સામે આવી જતી હોય છે, સિંહણ સાથે ચાર બચ્ચાં હોવાથી ખેતીકામ કરવા જતાં ખેડૂતો અને મજુરો બીકના માર્યા કામ પડતું મૂકી ગામ તરફ ભણી જાય છે.

વન વિભાગ દ્વારા સાવરકુંડલાના આંબરડી, ખોડીયાણા, બગોયા, નવી આંબરડી, જાબાળ, કૃષ્ણગઢ સહિત વિસ્તારોમાં પેટ્રોલિંગ શરૂ કરે તેવી ગ્રામ્ય વિસ્તારના લોકોમાં માંગ ઉઠી છે.

# દામનગર ખાતે શ્રમિક યુવકનું પડી જવાથી મોત

અમરેલી, તા. ૨૨

દામનગર ગામે રહેતા અને મુળ મધ્યપ્રદેશના વતની કોદરસિંહ હકઢ શિંગાડ, નામનાં ૪૦ વર્ષિય યુવક પાલીકાના પાણીના ટાંકામા મજુરી કામ કરી તા. ૨૧ના બપોરના આશરે એકાદ વાગ્યાના સુમારે હાઉતડ રોડ ઉપર જતા અચાનક પડી જવાથી કપાળ તથા નાકના ભાગે ગંભીર ઈજા થયેલ જેથી બ્રેઈન હેમરેજ થવાથી મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

# સુખપુર : ખોડિયાર મંદિરમાંથી ચાંદીનાં છતરની ચોરી

અમરેલી, તા. ૨૨

ધારી તાલુકાના સુખપુર ગામે રહેતા પ્રકાશભાઈ બાબુભાઈ મેંદપરા નામનાં ૨૬ વર્ષિય વેપારીના પરિવારના કુળદેવી ખોડીયાર માતાજીના મંદિરે ગત તા. ૧૩/૯/૨૩ ના સવારના ૧૧થી તા. ૧૪/૯/૨૩ ના સવારના ૯ વાગ્યાના કોઈપણ સમયે કોઈ અજાણ્યો ચોર ઈસમે ૧૯ નાના મોટા ચાંદીના છત્તર તથા એક સોનાનું નાનુ છત્તર જે નાના મોટા કિંમત રૂા. ૭૭૦૦ તથા મામાદેવના મંદિરેથી ૧૫ નાના મોટા ચાંદીના છત્તર જેની કિંમત રૂપિયા ૪૫૦૦ મળી કુલ રૂપિયા ૧૨,૨૦૦ ની કોઈ અજાણ્યો ચોર ઈસમ ચોરી કરી લઈ ગયાની ફરિયાદ નોંધાઈ છે.

## એસપીની સુચનાથી એસઓજીનો સપાટો

# બાબરામાં નાનીકુંડળ ગામે વાડીમાંથી જામગરી બંદુક સાથે એક ઈસમની અટકાયત

બાતમીના આધારે કાર્યવાહી કરવામાં આવી

અમરેલી તા. ૨૨

આગામી લોકસભા ચૂંટણીના અનુસંધાને આદર્શ આચારસંહિતા અમલમાં હોય જેથી કોઈ ગંભીર ગુન્હો કરી લોકોમાં ભયનુ વાતાવરણ ઉભુ કરે તે પહેલા બાબરા તાલુકાના નાની કુંડળ ગામે વાડીમાંથી એક દેશી હાથ બનાવટની જામગરી બંદૂક (અગ્નિ શ ા સ્ત્ર ) હથીયાર સાથે એક ઈસમને અમરેલી એસ.ઓ.જી. ટીમે ઝડપી લીધેલ છે.

અમરેલી પોલીસ અધિક્ષક હિમકર સિહે દ્વારા આગામી હોળી ધુળેટીના તહેવાર તેમજ લોકસભા ચૂંટણી અન્વયે મુક્ત અને ન્યાયી વાતાવરણમાં ચૂંટણી યોજવા અંગે આદર્શ આચાર સંહિતાનો અમલ કરવામાં આવેલ હોય, જેથી એ.ટી.એસ.ચાર્ટર મુજબના ગંભીર પ્રકારનાં ગુન્હાઓ અટકાવવા તેમજ ગેરકાયદેસર હથિયાર ધરાવતા ઈસમોને તાત્કાલીક પકડી પાડી આરોપીઓ અંગે





માહિતી મેળવી આવા ઈસમોને જેલ હવાલે કરવા જરૂરી સુચના આપેલ હોય જે અન્વયે એસ.ઓ. જી.પોલીસ ઈન્સ્પેક્ટર આર.ડી.ચેધરી નાઓના માર્ગદર્શન હેઠળ એસ.ઓ. જી. પોલીસ સબ ઈન્સ્પેક્ટર એન.બી.ભટ્ટ તથા એસ.ઓ.જી. ટીમ એ.ટી.એસ.ચાર્ટર લગત બાબરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. તે દરમિયાન ખાનગી બાતમીરાહે હકિકત મળેલ કે 'નાની કુંડળ ગામમાં રહેતા મનસુખભાઈ વાઘાભાઈ રાઠોડની નાની કુંડળ ગામની ડુંગર વિસ્તારની સીમમાં વાડીએ બનાવેલ ઓરડીમાં એક હાથ બનાવટની દેશી જામગરી બંદુક રાખેલ છે. જે અનુસંઘાને બાતમી વાળી જગ્યાને કોર્ડન કરી રેઈડ કરતા એક હાથ બનાવટની દેશી જામગરી બંદુક (અગ્નિશસ્ત્ર હથિયાર) સાથે એક ઈસમને ઝડપી પાડેલ છે.

મજકુર પકડાયેલ ઈસમનાં કબ્જામાંથી દેશી હાથ બનાવટની જામગીરી બંદુક (અગ્નિ શસ્ત્ર) જેની કિમત રૂપિયા ૧,૦૦૦ તથા એક રેડમી કંપનીનો બ્લુ કલરનો એડ્રોઈડ મોબાઈલ ફોન કિમત રૂપિયા ૨૦૦૦ મળી કુલ રૂપિયા ૩,૦૦૦ ના મુદ્દામાલ સાથે પકડી પાડી અને પકડાયેલ ઈરામ વિઢધ્ધ આર્મ્સ એક્ટ તથા અધિક જીલ્લા મેજી. અમરેલીના હથિયાર બંધી જાહેરનામા ભંગ હેઠળ કાયદેસરની કાર્યવાહી કરી ગુન્હો દાખલ કરાવી આરોપીને વધુ તપાસ અર્થે બાબરા પોલીસ સ્ટેશન ખાતે સોંપી આપેલ છે.



















**આવતા અંકનું ચાલુ....**

ચાલતાં ચાલતાં બન્ને છેલ્લી દેરીએ પહોંચ્યાં. બહાર જાળીવાળા બારણાને તાળું નહોતું, સિદ્ધાર્થે સાંકળ ખોલી, અને બન્ને અંદર ગયાં. બહાર આટલો તાપ હતો, પણ એ દેરીની અંદર એક ખુશનુમા ઠંડક હતી. અંદર શિવલિંગ હતું અને બાજુમાં એક નાની ખાટલી હતી. ‘ કદાચ વર્ષ બે વર્ષ અગાઉ અહીં પૂજારી સૂતો હશે,સિદ્ધાર્થે કહ્યું. પછી રેણુકા તરફ ફરી એનાં બન્ને હાથ રેણુકાના ગાલ પર રાખી સિદ્ધાર્થ કહે, ‘રેણુકા, તારા જેવું રૂપ મેં કોઈનુંય જોયું નથી.‘ જૂઠ્ઠા કહીં કા ! રેણુકાએ ખોટો છણકો કર્યો. પછી કહે, પણ જો ને મારા આ ગાલ પર કેવું કદરૂપું લાખું છે ? અને એણે એના જમણા ગાલે કાન તરફ નાનું લાખું હતું એના પર આંગળી ધરી. સિદ્ધાર્થે ધીમેથી એના હોઠ રેણુકાના ગાલના લાખા પર રાખી દીધા, અને કહે, ’આનાથી તો તારૂં રૂપ એર ભી નીખરે છે.’

રેણુકા પ્રેમભરી નજરે સિદ્ધાર્થ સામે તાકી રહી. પછી સહેજ હસી પડી : ‘કેમ હસે છે ? સિદ્ધાર્થે પૂછયું. એ કહે, ‘મારે આવું જ બીજું લાખું પણ છે અને એ તો નથી જ સારૂં લાગતું.

’કયાં છે ?’

રેણુકા સહેજ નીચું જોઈ ગઈ. પછી કહે, ‘મારી જમણી બ્રેસ્ટ પર, પછી આંખમાં સહેજ તોફાન સાથે કહે, ‘તું જુએ તો કહે, અરે આ છોકરી તો કેટલી કદરૂપી છે!’

‘નજરે જોયા વગર હું કોઈ અભિપ્રાય ન આપું. સિદ્ધાર્થે આંખોમાં એક નશીલા આમંત્રણથી રેણુકાની સામે જોઈ કહ્યું. રેણુકા પહેલા એક ઘડી વિચારમાં પડી ગઈ. અને એકાએક એના મોરપીંછ બ્લાઉઝનાં બટન ખોલવા લાગી. બહાર વડના પાનમાંથી પસાર થતો પવન સહેજ અવાજ કરતો હતો, દૂર કબૂતરનું ઘૂઘૂ’ આછું સંભળાતું હતું, રેણુકા એક ખમીરથી સિદ્ધાર્થ સામે તાકી રહી હતી. એણે હાથ પાછળ કરી એની બ્રેસિયરનું હૂક ખોલી નાખ્યું, મોરપીંછ બ્લાઉઝને ખસેડી અને બ્રા ઊંચી કરી. મંદિરની દેરીના એ આછા અંધારામાં સિદ્ધાર્થ આ રૂપની પરીની દૂધ જેવી સફેદ, મખમલ જેવી મુલાયમ ચામડીમાં મઢાયેલી બ્રેસ્ટને જોઈ રહ્યો.

રેણુકાની આંખમાં ભક્તિનો વિશ્વાસ હતો. એ દઢ અવાજે બોલી, સિદ્ધાર્થ, આ જો તો, હું કેવી ગાંડી થઈ ગઈ છું, મારા જેવી શરમાળ વ્યક્તિ આમ કેવી રીતે તારી સામે ઊભી છે! પણ જો ને, તેં મારામાં કેવો એક વિશ્વાસ ઊભો કર્યો છે, કે મને બીજી કોઈ વાતની ચિંતા કે પરવા નથી.

‘આ લાખું તો તારા રૂપ પર ચારચાંદ લગાવે છે.’ સિદ્ધાર્થે કહ્યું. પછી કહે, તારા ગાલના લાખાને કિસ કરી હતી. હવે આ લાખાને ઓછું ન આવવું જોઈએ.રાણકદેવીના મંદિરના એ વિશાળ ચોગાનમાં, સમાધિની દેરીઓમાંની છેલ્લી હેરીમાં, શિવલિંગની સામે, બે મન અને બે શરીર એકમેક થઈ ગયાં.

મંદિરની બહાર નીકળતાં સિદ્ધાર્થે પૂછયું હતું, ‘આપણે આપણું ઘર વઢવાણમાં બાંધશું કે સુરેન્દ્રનગરમાં ?

‘મારે તારા કારણે આ વઢવાણ ગામ ગમાડવું પડશે. રેણુકાએ બનાવટી હરિયાદી અવાજે કહ્યું. ‘ રેણુકા, આપણે ધરતી પર સ્વર્ગ ઊભું કરીશું. શનિ – રવિમાં મિત્રોને બોલાવી ઘેર ગઝલો વાંચવાનો કાર્યક્રમ રાખીશું.

# વાર્તા-વૈભવ

## રાણકદેવીના ગાલ પરનું લાખું

**– રાહુલ શુકલ**

‘અને, મારી પ્રપોઝલ બે બાળકોની છે. અંકુર અને અવની.’

‘પણ મને તો ‘નીરજ’ નામ ગમે છે.

‘નીરજ ઈટ ઈઝ,’ સિદ્ધાર્થે કહ્યું.

બીજા દિવસે સાંજના સૌરાષ્ટ્ર મેઈલમાં રેણુકાએ જવાનું હતું. અમદાવાદથી રમણકાકા જોડાઈ જવાના હતા. ’રેણુકા, તું કયારે તારા ડડીને આપણી વાત કહીશ ?’ સિદ્ધાર્થે પૂછ્યું.

‘જો, ડડીને આવતા અઠવાડિયે સિંગાપુર જવાનું છે. ત્રણ અઠવાડિયાં માટે. હું પણ સાથે જવાની છું. પાછા આવીને વાત કરીશ. એમને જરા આઘાત લાગશે. પણ મારા સુખને ખાતર ડડી બધું કબૂલ કરી લેશે.સવારે બાકી રહી ગયેલ માધાવાવ જોવા બન્ને પછીથી ઘેરથી નીકળી ગયાં. પણ વઢવાણ પહોંચ્યાં તો સિદ્ધાર્થ કહે, ’હું તો કહું છું માધાવાવ કન્સલ કરીને ચાલ ફરીથી રાણકદેવીના મંદિરે જઈએ. ફરી એ નીરવ ચોગાન, એ શિવલિંગવાળી છેલ્લી દેરી. ફરી બન્નેનાં શરીર એકબીજામાં સમાઈ ગયાં. સાંજે સ્ટેશન પર સૌરાષ્ટ્ર મેઈલમાં રેણુકાને બેસાડીને સિદ્ધાર્થે કહ્યું, ‘તો મહિના સુધી તું મને પત્ર પણ નહિ લખી શકે? ‘મહિનો તો આમ જતો રહેશે, રેણુકાએ ચપટી વગાડીને કહ્યું હતું.

ચાર દિવસ પછી સિદ્ધાર્થના ફુવાનો અમદાવાદથી તાર આવ્યો. મમ્મી, પપ્પા અને સિદ્ધાર્થને તાત્કાલિક અમદાવાદ બોલાવ્યાં હતાં.

શારદા સોસાયટીમાં ફુવાના બાજુના બંગલામાં રહેતા, અમદાવાદના નામી એડવોકેટની દીકરી શિલ્પા અમેરિકાથી બે અઠવાડિયાં માટે ભારત આવી હતી.

પંદરમા વર્ષે એસ.એસ.સી. પાસ કરી પછી છ વર્ષમાં ડાકટર થઈને અમેરિકા ગઈ હતી. માત્ર બે વર્ષમાં બફેલો શહેરમાં મોટું પાંચ બેડરૂમનું મકાન ખરીદી લીધું હતું. સરસ મજાની કાર હતી. ઘરમાં રૂમે રૂમે ટેલિફોન, અને હજુ ભારત સુધી નહોતી પહોંચી એવી ટી.વી.ની સવલત. શિલ્પા માત્ર બે અઠવાડિયાં માટે જ આવી હતી. માતા – પિતાનો આગ્રહ હતો કે લગ્ન કરીને જ જાય. ૧૯૬૮ના એ જમાનામાં અમેરિકા જવાનો વિઝા ઊભા ઊભા મળી જતો હતો.

અમદાવાદ પહોંચ્યા પછી સિદ્ધાર્થને આ બધી વાતની ખબર પડી તો એણે કહ્યું, ‘મને આ વાતમાં કોઈ રસ જ નથી.

ફુવા કહે, ‘રસ ન હોય તો ના પાડ જે. જગદીશભાઈ ખ્યાત નામ વકીલ છે. એમણે સામેથી તારા માટે પૂછયું. તું શિલ્પાને જોવાની પણ ના પાડે તો એમને અપમાન લાગે, ને મારો સંબંધ બગડે. દશ મિનિટ શિલ્પા જોડે ગાળવામાં તારૂં શું જાય છે ?’

હોશિયાર એન્જિનિયરને અમેરિકામાં કેટલા સારા સ્કોપ ! અને વઢવાણમાં પાણીની તંગી, મચ્છરનો ત્રાસ. બફેલોથી તો ચાલીસ મિનિટમાં નાયગ્રા ફાલ્સ પાસે પહોંચી જવાય. પાંચ વર્ષમાં અમેરિકાની સિટીઝનશિપ, જિંદગી ક્યાંથી કયાં પહોંચી જઈ શકે !

શિલ્પા જોડે દશ મિનિટની મુલાકાત અઢી કલાક ચાલી. ‘હું વિચારીને જ જવાબ દઈ શકું.’ સિદ્ધાર્થે કહ્યું. ‘વિચારવાનો ટાઈમ જ કયાં છે, ગાંડાભાઈ ! ફુવાએ કહ્યું : ‘ તું આજે હા પાડે તો પરમ દિવસનું મૂરત છે. પછી બીજા દિવસે મુંબઈ જઈને વિઝા લેવાનો, અને મંગળવારની ફલાઈટમાં તો ન્યૂયોર્ક જવાનું. શારદા સોસાયટી અને શારદાનગર વચ્ચેના ખાલી મેદાનમાં બીજા દિવસે માંડવો નંખાવવાનો શરૂ થયો. તાત્કાલિક સગાંવહાલાંને બોલાવ્યાં. ડિસેમ્બરની સોળમી તારીખ, ૧૯૬૮ના દિવસે લગ્ન કરીને ડિસેમ્બરની એકવીસમી તારીખે પાન એમના પ્લેઈનમાં બેસીને સિદ્ધાર્થ અમેરિકામાં શિલ્પા જોડે એક નવી દુનિયા વસાવવા ચાલ્યો ગયો.

રમણકાકાનું પછીના જ મહિને હૃદયરોગના હુમલાથી અવસાન થયું. સિદ્ધાર્થને કે એના કુટુંબને રેણુકા સાથેના સંપર્કનું એકમાત્ર સાધન આમ સગવડતાથી તૂટી ગયું.સિદ્ધાર્થને કયારેક થતું કે એણે રેણુકાને ખબર આપ્યાં હોત તો સારૂં હતું. ‘પણ એ તો સિંગાપુર હતી. વળી આમ જુઓ તો અમારી છ દિવસની ઓળખાણ. **(ક્રમંશઃ)**

**વાર્તાકાર મિત્રોને પોતાની ટૂંકી વાર્તા, ટૂંકો પરિચય તથા પાસપોર્ટ ફોટા સંપાદકને મોકલી આપે તેવી વિનંતી – સંપાદક : રવજીભાઇ કાચા.**




# અમરેલી પાંજરાપોળ-ગૌશાળા

આજથી ૩૦–૩૫ વર્ષ પહેલાં અમરેલીમાં આંખની વિવિધ બીમારીઓ જેવી કે મોતિયો, ઝામરની સારવાર માટે કોઈ જ સુવિધા ઉપલબ્ધ નહોતી. આવા દરદીઓને કાં તો રાજકોટ અથવા તો વીરનગરમાં સારવાર લેવા માટે જવું પડતું હતું. અમરેલીના વણિકશ્રેષ્ઠિ જગમોહનભાઈ સંઘવીના પ્રયાસોથી ૧૯૭૭માં અમરેલીના આંગણે મોટા પાયા પર નેત્રયજ્ઞનું આયોજન થયું હતું. આ નેત્રયજ્ઞનો એક હજારથી વધુ લોકોએ લાભ લીધો હતો. તેના પરિણામ સ્વરૂપે નેત્ર ચિકિત્સા ટ્રસ્ટની રચના કરવામાં આવી. એ સમયે આજની જેવા આધુનિક તબીબી સાધનો શોધાયા નહોતા તેથી દરદીએ મોતિયા અને ઝામરના ઓપરેશન માટે બે–ચાર દિવસ સુધી હોસ્પિટલમાં રહેવું પડતું હતું. એ ધ્યાનમાં લઈ અમરેલીના ચિતલ રોડ ઉપર હોસ્પિટલમાં રહેવું પડતું હતું. એ ધ્યાનમાં લઈ અમરેલીના ચિતલ રોડ ઉપર હોસ્પિટલ માટે આધુનિક મકાન બનાવવામાં આવ્યું. આ માટે નારાયણભાઈ વળિયાએ ઉદાર દેણગી આપેલી. આ હોસ્પિટલને 'રાધિકા હોસ્પિટલ' એવું નામ અપાયું.અમરેલી શહેર તથા આજુબાજુના પંથકની પ્રજા માટે આ આંખની હોસ્પિટલ આશીર્વાદરૂપ બની રહી હતી. સમય જતાં આંખના રોગોની સારવારની અવનવી પદ્ધતિઓ શોધાઈ. ઓપરેશન પછી દરદીઓને લાંબા સમય સુધી હોસ્પિટલમાં રોકાવાની જરૂર ન રહી. આથી હોસ્પિટલના ઉત્સાહી ટ્રસ્ટી દિનેશભાઈ ગાંધીએ તેને જનરલ



હોસ્પિટલમાં ફેરવી નાખી. આજે આ હોસ્પિટલમાં આંખ ઉપરાંત

**ભાતીગળ સૌરાષ્ટ્ર**

હૃદયરોગ, જનરલ સર્જરી, સ્ત્રીરોગ, દાંતના દરદીઓની ચિકિત્સા, પેથોલોજી લેબોરેટરી, એકસ–રે તથા નેહાબેન મનહરલાલ વળિયાના યોગદાનથી ડાયાલિસીસ સેન્ટર પણ ચાલે છે. આ હોસ્પિટલમાં હાડકાંના રોગોનો વિભાગ સવિશેષ લોકપ્રિય બન્યો છે. આ વિભાગમાં સેવા આપતા મિલનસાર સ્વભાવ અને ઉત્સાહ ધરાવતા ડો. રસપુત્રા સમયની પરવા કર્યા વગર સતત દરદીઓને સારવાર આપે છે. પરિણામે દૂર–દૂરના ગામોના દરદીઓને ખૂબ રાહત થાય છે. પરિણામે આ હોસ્પિટલની ખ્યાતિ સમગ્ર જિલ્લામાં પ્રસરી ચૂકી છે. આ હોસ્પિટલમાં તમામ સારવાર અને સુવિધા રાહત દરે આપવામાં આવે છે. આ વર્ષથી અહીં નર્સીંગ કોલેજ પણ શરૂ કરવામાં આવી છે. જે યુવતીઓ માટે આશીર્વાદરૂપ બની રહી છે. આ હોસ્પિટલમાં નેહાબેન વળિયા, ડાયાલિસીસ સેન્ટરનું ઉદઘાટન પૂજય મોરારિબાપુએ તા. ૨૯–૮–૨૦૦૯ ના રોજ કર્યુ છે. હવે અમરેલીમાં કિડનીના દર્દીઓને રાહતદરે ડાયાલિસીસની સુવિધા પણ મળે છે.

# પાડોશી બાળકો સાથે તુલના


**શિશુવંદના**

**– ગિજુભાઈ ભરાડ**

પૃથ્વી પર ખીલતું દરેક પુષ્પ પોતાની રીતે અનોખું હોય છે. સૂરજખીના ફૂલની કમળના ફુલ સાથે તુલના કરવાનો કોઈ અર્થ નથી, દરેકને પોતાનું આગવું સૌદર્ય છે. ફૂલ કેસૂડાનું હોય કે ધતૂરાનું, દરેકની આગવી ગુણસૃષ્ટિ કરીને તેની ક્ષમતાઓનો વિકાસ થાય તેવા માર્ગો મોકળા કરી આપવા સિવાયનો અન્ય કોઈ આપધર્મ વાલીઓનો નથી. પરંતુ માનવ સ્વભાવને કારણે આપણાથી બાળકની અન્ય બાળકો સાથે અજાણતા તુલના થઈ જાય છે. જેમાં બાળકના વ્યકિતત્વમાં રહેલી અપાર સંભાવનાઓનું સુક્ષ્મ રીતે અપમાન થાય છે.

એટલું જ નહિ બાળકને સગા વ્હાલાના કે પાડોશીના બાળકો સાથે સરખાવવાથી એનામાં એક પ્રકારનો રંજ પ્રવેશે છે. એ રંજ એને શૈશવકાળની પ્રાકૃતિક રંજકતાથી દૂર થઈ જાય છે. હકીકતમાં બાળ જીવનમાં બનતી આ બધી ભીષણ દુર્ઘટનાઓ છે, જેનો કોલાહલ કોઈને સંભળાતો નથી. આવા કારણોસર જ આપણે સમાજમાં બહુ ઓછા મહાપુરુષો પેદા કરી શકીએ છીએ. સરખામણીના ત્રાજવે બાળકને તોલવામાં ન આવે તો એ પોતાની રીતે જ પોતાની વૃદ્ધિનો માર્ગ કરી લે છે.

**બાલમિત્રો,**



જાણો છોને આપણો ધાર્મિક ઉત્સવ આવી રહયો છે. (૧) હોળી, 'હોળી' ઉત્સવ પાછળ ધળેટિ વાર્તાઓ જોડાયેલ છે. પ્રહલાદ અને હોલીકાથી વાર્તા, જે સત્ય – અસત્ય, ધર્મ, અધર્મની વાત અંતે સત્ય અને ધર્મનો વિજય થાય છે. ખેડૂત છે. અનાજ ઉત્પન્ન કરે છે. તે અનાજ, ધાણી, ખજુર, ધંઉ, વગેરે પહેલા અગ્નિી હવને અર્પવા કરવામાં આવે છે. સુહાગણો, પ્રથમ બાળક અને તેની પણ હોલીકાની પ્રહશિણા કરી આશીર્વાદ મળે છે. હોળીમાં શ્રીફળ હોમવામાં આવે છે. માટલામાં ઘંઉ, રાખવામાં આવે છે. સવારે બફાઈને ધુધરી બની જાય છે. જે પ્રસાદના રૂપમાં આપવામાં આવે છે. યુવાનો ધણી રમતો પણ રમે છે.

બાળમિત્રો, અત્યારથી મનમાં માંડ વાળી લેખે, જીવનમાં હંમેશા સત્યનો જ વિજય થાય છે. અધર્મનો નાશ થાય છે. એ માટે થોડું લડવું પડે તો લડી લેજો. યાદ રાખજો વિજય તમારો જ થશે.

# દોસ્તો યેવસ્કીની રચના

**'A Novel in Nine Letters' વિશે | વિજય શાસ્ત્રી**

વિશ્વપ્રસિદ્ધ રશિયન લેખક ફયોદોર દોસ્તોયેવસ્કી વધુ તો નવલકથાકાર તરીકેની ઓળખ ધરાવે છે છતાં કેટલીક ટૂંકી વાર્તાઓ પણ તેણે આપી છે. અહીં તેમની 'A Novel in Nine Letters' રચના વિશે વાત કરી છે. માત્ર ચોવીસ પાનાંમાં વિસ્તરેલી આ કૃતિને તેણે 'Novel' તરીકે ઓળખાવી છે તેનું રહસ્ય વાચકે પોતે, શોધવું રહ્યું. પ્રસંગોની આવલિ અને છેવટે પરાકાષ્ઠા તેમજ કથાના એકકેન્દ્રીપણાને બદલે વિશુંખલ પરાકષ્ઠા તેને નવલસદશ ગણવા લલચાવે એમ છે.

અહીં મુખ્ય પાત્રો બે છે. બંને પુરુષપાત્રો. ત્રીજું પણ એક પુરુષપાત્ર છે અને કથાના સંઘટનમાં નિર્ણાયક ભાગ ભજવે છે. બે સ્ત્રીપાત્રો છે. નોંધવા જેવું એ છે કે આ પાંચેય પાત્રો પરસ્પરના સંબંધમાં પ્રવર્તે છે છતાં કયારેય, કયાંય એકબીજાની રૂ–બ–રૂ પ્રત્યક્ષ થતાં નથી. પાંચેય મહત્વનાં પાત્રોનો પારસ્પરિક વ્યવહાર પરોક્ષ જ રહે છે. પરોક્ષતા હોવા છતાં આ પાત્રો પરસ્પર કેવી અને કેટલી ઉત્કટ લાગણીઓ (ક્રોધ, ઈર્ષ્યા, વેર, સ્પર્ધા) અનુભવે છે તે લેખકે પરોક્ષતાને વચ્ચે રાખીને દર્શાવ્યું છે. આમ પાત્રોને છેક અંત સુધી પરોક્ષ જ રાખીને તેમના મનોવ્યાપારોની સંકુલતા લેખકે આલેખી છે તેને આ કૃતિની વિલક્ષણતા ગણી શકાય.

કુલ નવ પત્રોમાં વિભાજિત કથાનકમાં સામસામાં બે પાત્રો વચ્ચે પત્રાચાર ચાલે છે. બેમાંથી એક પાત્રનું નામ છે ઈવાનિચ અને તે જેને પત્ર લખે છે તેનું નામ ઈવાન પેટ્રોવિચ. (અહીં તેને ફકત ઈવાન–થી ઓળખીશું.) બંને વચ્ચેનો સંબંધ વાચકને મૂંઝવે એવો છે. પહેલા પત્રમાં ઈવાનિચ ઈવાનને ‘Most precious friend’તરીકે સંબોધન કરે છે ત્યારે વાચકને થાય કે ઈવાચિને પોતાના આ મિત્ર ઈવાન માટે કેટલાં માન–આદર છે ! પણ જેવું આ સંબોધન વટાવી વાચક આગળ વધે છે ત્યારે પત્રલેખકની ભાષા કઠોર અને રુક્ષ બનતી જાય છે. જોકે આવી કઠોરકરડી ભાષા માટે પણ એક મજબૂત કારણ ઈવાનિચ પાસે એ છે કે તે બબ્બે દિવસથી ઈવાનને રૂ–બ–રૂ મળવા રઝળપાટ કરી રહ્યો છે પણ ઈવાન પકડાતો નથી. આ રઝળપાટ થાકે તેનામાં રોષની લાગણી પેદા કરી દીધી છે. આવી ચિડાયેલી મનોસ્થિતિમાં તે મિત્રને ઠપકો પણ આપી દે છે કે ‘તારા લગ્ન થયાંને હજી ત્રણ મહિનાયે પૂરા નથી થયા છતાં ‘You alredy neglect your domestic hearth’ cp.7)* - તું તારા ગૃહસંસાર પર બરાબર ધ્યાન આપતો નથી – આવો ઠપકો કહી શકાય. ઈવાન માટે લખાયેલું આ વાકય ઉપલક દષ્ટિએ સામાન્ય સલાહ જ લાગે, પણ ભાવિ ઘટનાનો જાણે આગોતરો સંકેત આપે છે. આ પ્રથમ પત્રમાં આગળ ચાલતાં ઈવાનિચ પોતાની આ મિત્રને ‘ you are a rascal, a man with-out conscience.’ જેવા શબ્દોથી નવાજે છે, કારણ એ છે કે ઈવાન તેના એક સંબંધી, જેનું નામ યેવગેની નિકોલાઈચ છે તેને પોતાના આ મીત્ર ઈવાનિચને ઘેર રહેવા મૂકી ગયો છે. આ સંબંધીને પોતાને ઘેર રાખવામાં શરૂમાં તો ઈવાનિચ રાજી હતો પણ ટૂંક સમયમાં જ જાણે તે માથે પડયો હોય તેવો અનુભવ થવા લાગ્યો. તેના શબ્દો છે ‘I did so I put head in a noose.’ બાકીની વાત પણ ઈવાનિચના જ શબ્દોમાં સાંભળીએ તો ‘ભલા માણસ, તું એને ખોટું કે ખરાબ નહીં લાગે એ રીતે બીજું ઘર શોધી લેવા કહેજે. એણે કંઈ ગરબડ કરી છે કે અશિષ્ટ વર્તન કયુ છે એવું પણ નથી. ઊલટું એ તો મળતાવડો અને આનંદી માણસ છે. તેં એની ભલામણ કરી છે એટલે તું જ એના કાને આ વાત નાખ. મારાથી એમ થાય એવું નથી. બાકીની વાત રૂ–બ–રૂ મળીએ ત્યારે. ગુડબાય !’ આ જ પત્રમાં ઈવાનિચ પોતાનો દીકરો માંદો હોવાનું પણ જણાવે છે. અહીં આ પ્રથમ પત્ર પૂરો થાય છે એમાં બે (કહેવાતા ?) મિત્રો વચ્ચે સરજાયેલી સમસ્યા આલેખાઈ છે. ઈવાનના સંબંધીને હવે ઈવાનિચ પોતાના ઘરમાંથી કાઢવા આતુર છે. આ સંબંધીમાં ‘એવી’ કોઈ એબ નથી છતાં ઈવાનિચ કોઈક ચોકકસ કારણસર અને હવે જરા પણ વધુ વાર પોતાના ઘરમાં ટકાવવા માગતો નથી આ વાત વાચકપક્ષે કુતૂહલ પ્રેરે છે અને અધિક આકાંક્ષા જન્માવે છે. એક રહસ્યના ઉદગમની શરૂઆત કરી, કથારસને મિષ્ટ બનાવવાની, આમ તો બહુ જાણીતી પ્રયુકિતનો વિનિયોગ લેખકે કર્યો છે જે સરેરાશ વાચકને માટે પણ રસપ્રેરક બને છે.

આ પત્રના પ્રતિ–ઉતરમાં ઈવાન સામા આક્ષેપો કરે છે કે ‘તારો કાગળ મળ્યો એટલે તરત જ હું મારી પત્ની સાથે ટેકસીનો ખર્ચ કરીને સાડા છ વાગ્યે તારા ઘરે પહોંચ્યો ત્યારે તું ઘેર નહોતો એટલે પાછું ટેકસીભાડું ખર્ચીને પત્નીને ઘેર પહોંચાડી મારે બીજે એક ઠેકાણે જવાનું હતું ત્યાં ગયો. તારો પત્ર મને બરાબર સમજાયો નથી. મેં તારે ત્યાં જેને રહેવા મૂકયો છે તે અત્યંત શ્રીમંત છે એટલે જાણવા મળ્યું છે, આપણા કરારનો ભંગ થાય તો મારે શું કરવું તે હજુ મેં વિચાર્યુ નથી.’


આ પત્રક્રમાંક બે–૦૨માં બે મિત્રો (?) વચ્ચેનું વૈમનસ્ય ઘૂંટાવાની શરૂઆત થઈ જાય છે જેથી આગળ ઉપર શું થશે તેવી ઉત્સુકતા વાચકપક્ષે જન્મે છે.

ઈવાનિચના પત્ર (ક્રમાંક ૦૧)માં તે precious friend જેવા શિષ્ટ અને કયાંક તે Rascal જેવા abusive શબ્દો લખી નાખે છે તે સંદર્ભે ડો. રીઝેન્કામ્ફ (જેને ત્યાં દોસ્તોયેવસ્કી રહ્યા હતા તે) નોંધે છે : "no less goodnatured and no less courfeous than his brother, but when not in good mood he often looked at everything through dark glasses, became vexed, frogot good manners, and sometimes was carried away to the point of abu-siveness and loss of self-awareness." **(ક્રમંશઃ)**

# ૦૯ – ક્રાંતિવીર વિનાયક સાવરકર

**જન્મ : ૨૮ મે, ૧૮૮૩**
**મહાપ્રયાણ : ૨૬ ફેબ્રુઆરી, ૧૯૬૬**

વિનાયક દામોદર સાવરકરનો જન્મ નાસિક જિલ્લાના ભગૂર ગામમાં ૨૮ મે, ૧૮૮૩ના રોજ થયો હતો. વિનાયક બુદ્ધિ નાનપણથી તેજ હતી. શિવાજીના ચરિત્રથી તેઓ નાનપણમાં પ્રભાવીત થયા હતા. તેઓ લોકમાન્ય ટિળકની પ્રેરણાથી ઈંગ્લેન્ડ ઉચ્ચ અભ્યાસ માટે ગયેલા. ગળથૂથીમાં રાષ્ટ્રભકિતના સંસ્કાર પામેલા સાવરકરે મિત્રમેળો અને અભિનવ ભારત જેવાં ક્રાંતિકારી સંગઠનોનુંકિશોર અવસ્થામાં જ નિર્માણ કરેલું. લંડનમાં તેઓ ઈન્ડિયા હાઉસના સક્રિય સભ્ય બન્યા. એ સાથે એમના માટે અભ્યાસ ગૌણ અને રાષ્ટ્રભકિત પ્રમુખ બની ગઈ. ત્યાં રહીને તેમણે અંગ્રેજ સરકારના ગુપ્ત દસ્તાવેજો મેળવી ‘ભારતનો પ્રથમ સ્વાતંત્રય સમર : ૧૮૫૭’ પુસ્તક લખ્યું. પણ એ પ્રકાશિત થાય એ પહેલાં જ તેના પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો. કર્ઝન વાયલીની હત્યા પછી મદનલાલ ધીંગારાનો કેસ બહાદૂરીપૂર્વક લડયા. અંગ્રેજ સરકારને આ ભારતીય હવે આંખના કણાની માફક ખૂંચવા માંડયા હતા. ઈન્ડિયા હાઉસ પર દબાણ વધ્યું અને તે બંધ કરવું પડયું. સાવરકરની ધરપકડ કરી જળમાર્ગે ભારત રવાના કરી દેવામાં આવ્યા. રસ્તામાં આ




ક્રાંતિકારી સ્ટીમરમાંથી દરિયામાં કૂદી પડીને તરતાં તરતાં સામે કાંઠે પહોંચી ગયા. પરંતુ ત્યાંથી ભાગવા માટે ખિસ્સામાં પૈસા નહિ હોવાથી પકડાઈ ગયા. ભારતમાં તેમના પર કેસ ચલાવવામાં આવ્યો. ૫૦ વર્ષની કાળાપાણીની સજા ! આ ભયાનક સજા સાંભળીને ભાંગી ન પડતાં એમણે અંગ્રેજ સરકારને સામો પ્રશ્ન કર્યો કે, ‘તમારો ઈરાદો શું હજુ ભારતમાં ૫૦ વર્ષ સુધી શાસન કરવાનો છે? તમે હવે ૫૦ મહિના સુધી પણ શાસન નથી કરી શકવાના.’




આમ તેમને કળાપાણીની બેવડી જનમટીપની સજા આપીને આદાંમાનની જેલમાં મોકલી દેવામાં આવ્યા. ભલભલા કઠણ કાળજાનો માણસ પણ હચમચી જાય એવી યાતનાઓ તેમને આદાંમાનની જેલમાં આપવામાં આવી. બળદની જગ્યાએ ઘાણીએ જોતરાઈને રોજનું ૩૦ પાઉન્ડ તેલ કાઢવાનું. તબિયત સારી હોય કે ખરાબ હોય, સોંપેલું કામ કરવાનું એટલે કરવાનું. વચ્ચે પાણી, પેશાબની પણ છૂટ નહિ. પાણી જેવી દાળ અને સિમેન્ટ કાંકરીવાળા રોટલા ! અંતે દેશની જનતાનું અંગ્રેજ સરકાર પણ દબાણ થતાં તેમને રાજકીય પ્રવૃતિમાં ભાગ નહિ લેવાની શરતે છોડવામાં આવ્યા, જોકે તેઓ નિષ્ક્રિય તો ન જ રહ્યા. તેમણે રત્નાગિરિમાં પતિત પાવન મંદિર બાંધ્યું. હિન્દુ મહાસભાના પ્રમુખ બન્યા. છતાં આ દેશભકતની કદર કરવાની તો દૂર રહી તેમને ગાંધી હત્યાના ખોટા આરોપમાં જેલમાં પૂરવામાં આવ્યા. પરંતુ કોર્ટે નિર્દોષ ઠેરવ્યા. ૧૦ ફેબ્રુઆરી, ૧૯૪૯માં મુકિત થઈ. સતત કાર્યરત રહી સમાજ સુધારણા, હિન્દુ સંગઠન, ભાષાશુદ્ધિનું કામ છેવટ સુધી કર્યુ. અને ફેબ્રુઆરી, ૧૯૬૬ના રોજ મુંબઈમાં આમરણ ઉપવાસ કરી તેમણે દેહત્સર્ગ કર્યો.

# ૧૨ જાદુઈ વીંટી

રોનક આજે શાળામાંથી ઉદાસ થઈ, ડગમગતા પગલે ચાલીને જઈ રહ્યો હતો. તેનું મન આજે કયાંય લાગતું ન હતું. નિશાળથી ઘરે જતાં રસ્તામાં આવતા, એક સુમસામ જગ્યાએ પડેલા પથ્થર પર તે બેઠો હતો. થોડી વાર બેઠો હશે ત્યાં, ત્યાંથી એક સાધુ નીકળ્યા. સાધુએ ઉદાસ રોનકને જોઈને પૂછયું, ‘તું શા માટે ઉદાસ બેઠો છે? તને શું દુઃખ છે?’ રોનકે કહ્યું ‘બાપુ હું મંથલી ટેસ્ટમાં નાપાસ થયો છું. હું ખૂબ ઉદાસ છું. ઘરે શું મોઢું બતાવવું? આથી હું અહીં પથ્થર પર બેઠો છું. ’સાધુએ કહ્યું ‘બસ, આટલી જ વાત છે ? હું તને એક જાદુઈ વીંટી આપું છું. તે તું જમણા હાથની પહેલી આંગળીમાં પહેરી રાખજે, તે તારી બધી ઈચ્છા પૂરી કરશે.’સાધુની વાત સાંભળીને રાજીરાજી થઈ ગયો, તેણે સાધુને કહ્યું કે, ‘ આજે મને નિશાળે નાસ્તો પણ ભાવ્યો નથી, હું આ વીંટી પહેરીને નાસ્તો માગું તો મને નાસ્તો મળશે ?’ સાધુએ કહ્યું, ‘વીંટી પહેરીને અખતરો કર, હું અહીં ન ઊભો છું.’ રોનક વીંટી પેહેરીને બોલ્યો, ‘ગરમાગરમ સમોસા, જલેબી આવી જાવ.’ રોનક વાકય પૂરું કરે ત્યાં તો ગરમાગરમ સમોસા, જલેબી તેની પાસે હાજર થઈ ગયાં. રોનકે પરપેટ નાસ્તો કર્યો. સાધુનો આભાર માન્યો. સાધુ તો વીંટી દઈને ચાલ્યા ગયા. હવે, રોનકને કંઈ ચિંતા ન હતી. બીજી મથલી ટેસ્ટમાં વીંટીના ઉપયોગથી તેનો પહેલો નંબર આવ્યો. ગમે ત્યારે ઈચ્છા થાય ત્યારે ભરપેટ મનગમતી વસ્તુથી પેટ ભરી લેતો. તે ખુશ ખુશ થઈ ગયો. હંમેશાં આંનદમાં રહેતો. આમ કરતાં કરતાં માર્ચ મહીનો આવી ગયો. માર્ચ મહિનાની ગરમીમાં બધા દોસ્તોએ એક રવિવારે ગામથી થોડે દૂર આવેલી નદીમાં ન્હાવા જવાનું નકકી કર્યુ. નદીમાં પાણી વધારે ખૂબ ધુબાકા દીધા, પાણીમાં ખૂબ મસ્તી કરી. બધાને નદીમાં ન્હાવાની ખૂબ મજા આવી ગઈ. બધા હરખાતા હરખાતા ઘરે જાય છે. ઘરે પહોંચીને રોનક કહે છે કે, ‘મને બહુ જ ભૂખ લાગી છે. ઝડપથી ખાવાનું આપો. ’ પણ આ શું?




થાળીમાં કારેલાનું શાક જોઈને રોનકનું મોઢું બગડી ગયું. થોડુંક ખાઈને તે ઊભો થઈ ગયો અને કહેવા લાગ્યો. રોનકને તો આજે દૂધપાક–પૂરી ખાવાનું મન હતું. તે સીધી ઘરની છત પર ચડી ગયો અને કહેવા લાગ્યો, ‘દૂધપાક પૂરી આવી જાવ’ બે–ત્રણ વાર બોલ્યો, પણ દૂધપાક પૂરી આવ્યાં નહી. તેણે હાથની આંગળીમાં જોયું તો વીંટી નહી, બેબાકળો બની ગયો, તેને થયું કે,ન્હાવા ગયો ત્યારે નદીમાં પડી ગઈ હોવી જોઈએ ! તે રઘવાયો થતો નદીએ પાછો ગયો. પાણીમાં તરત કૂદી પડયો, પણ ઘણી ગોતવા છતાં વીંટી મળી નહી, તે ખૂબ ઉદાસ થઈ ગયો. બે દિવસ પછી તો વાર્ષિક પરીક્ષા હતી. રોનકે કશી તૈયારી કરી નહોતી. તે તો વીંટીના ભરોસે જ બેસી રહ્યો હતો. તે વિચારતો હતો કે, હવે પરીક્ષામાં કેવી રીતે પાસ થવાશે ? તેને કશું સૂઝતું ન હતું. આમ કરતાં કરતાં પરીક્ષા પણ આવીને ચાલી ગઈ. પરિણામ આવ્યું, તેમાં તે ફેઈલ હતો. હવે તને સમજાણું કે મહેનત કર્યા વગરની આડવાત કેળવ્યા વિનાની કોઈ પણ વસ્તુ આપણને ક્ષણિક સુખ જ આપી શકે. જો આપણે સાચું સુખ જોઈતું હોય તો, મહેનત કરવી જ પડે. પરિશ્રમને જ પારસમણિક બનાવવો પડે. હવે હું ખૂબ મહેનત કરીશ અને આવતા વર્ષે ખૂબ સારું પરિણામ લાવીશ. આવા વિચાર કરી હરખાતા હદયે તે ઘરે પાછો ફર્યો.

# ચલાલા : ગાયત્રી સંસ્કાર વિદ્યાલયનો શૈક્ષણિક પ્રવાસ યોજાયો




યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ ચલાલા ધ્વારા સંચાલિત ગાયત્રી સંસ્કાર વિદ્યાલયનો ધોરણ એલકેજીથી ધોરણ ૪ નાં બાળકોનો શૈક્ષણિક પ્રવાસ યોજાયો હતો. વિદ્યાર્થીઓને આંબરડી સફારી પાર્કની મુલાકાત કરાવવામાં આવી હતી અને ત્યાં સિંહ દર્શન તેમજ હરણ અને વન્યપ્રાણીઓની મુલાકાત કરાવવામાં આવી હતી અને બધા બાળકોને નાસ્તો પણ કરાવવામાં આવ્યો હતો. આ કાર્યક્રમને સફળ બનાવવા ડાયરેકટર ભારતભૂષણ મહેશભાઈ મહેતા, આચાર્ય શીતલબેન મહેતા તેમજ સમગ્ર સ્ટાફ ધ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.

## રાજુલામાં વર્લ્ડ ઓરલ હેલ્થ ડે ની ઉજવણી



રાજુલા, તા. ૨૨

એઆઈએફ અને ડો.નેમિ પટેલના આર્થિક સહયોગથી સ્વદીપ શિક્ષણવિકાસસંસ્થાદ્વારાડેન્ટલહાઈજીન અવેરનેસપ્રોગ્રામરાજુલાના૫૦ગામમાં અમલીકૃતછેજેઅંતર્ગતતારીખ૨૦માર્ચ 'વર્લ્ડ ઓરલ હેલ્થ ડે' નિમિત્તે અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના ૨૮ ગામ ના આંગણવાડી વર્કર બહેનોસાથે ડેન્ટલહેલ્થ અંગે અવેરનેસ અને તાલીમના સેશનનુ આયોજન કરવામાં આવ્યું હતું. કે જેમાં રાજુલા આઈસીડીએસ ઘટક ના આઈસીડીએસદરેકસેજાનીમુખ્યસેવિકા બહેનોએઉત્સાહથી ભાગલીધોહતો. આ સેશનડેન્ટલહાઈજીનઅવેરનેસપ્રોજેકટ હેઠળ કરવામાંઆવેલછે.

આ તાલીમમાંઆંગણવાડી વર્કર બહેનોને નાનુંબાળક ગર્ભમા હોય ત્યારથી લઈને જન્મ્યા પછી અને મો માં દાંત આવવાનું શરૂ થાય ત્યા સુધીનુ કઈ રીતે દાંતનુ સ્વાસ્થ્ય સાઢં રાખવું વગેરે સમજાવામા આવ્યુ. આજેબજારમાંમળ તાતૈયાર ખોરાકના પેકેટનુંસેવન નાસ્તા તરીકે બાળકો મા વધુ જોવા મળે છે જેથી મોંઢાનેલગતીસમસ્યાવધીછેતોએવામાં કઈ રીતેઆમાંથી રોગો સામે રક્ષણ મેળવી શકાય એ માટે વર્કર બહેનો ને વાત કરવામાં આવી. સાથે સાથે, બાળકો ને દાંતની સફાઈની સાચી અને સારી આદત કઈ રીતે કેળવી શકાય તે માટે ઝકખ (ટીચિંગ લર્નિંગ મટીરિયલ) બનાવી પ્રવૃત્તિ તૈયાર કરવામાં આવી.

આ તાલીમનો ઉદ્દેશ્ય હતો કે નાનપણથી બાળકોમા દાંત અંગે સ્વાસ્થ્ય જળવાઈ રહે અને આંગણવાડી વર્કર જે સમુદાય સાથે કાર્યરત્ છે એવા માતાઓ અનેબાળકોએમનાથકીજાગૃતથાયઅને સાથેસમુદાયનાલોકોમાપણસમજઆવે અને વ્યાસનોથી દુર રહે. આજે જયારે ગુજરાતનું સૌરાષ્ટ્ર મોંઢાના કેન્સર નું કેન્દ્ર બની રહ્યું છે ત્યારે નવી આવનાર પેઢીમા મોંઢા માટે કાળજી બહુ જઢરી બની છે જેનો પાયો આંગણવાડીમા આવતા બાળકોમા જ રોપવાની જરૂર ઊભી થઈ છે.

એવા મા આવા કાર્યક્રમો દ્વારા ડેન્ટલ એવેરનેસ માટે બીજ રોપવાનું કાર્ય શરૂ થયું છે. આ તાલીમ સ્વદીપ સંસ્થા નાડા.પૂજા મોણપરા, બ્રિન્દા ભટ્ટ,જયસુખ નાદવા અને રસિક વેગડ અને સ્ટાફ દ્વારા જહેમત ઉઠાવી હતી.

''અમરેલી એકસપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એકસપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૦૦૦ | ૧૨૪૫ |
| ૨ | શિંગ મોટી | ૧૦૫૩ | ૧૨૭૬ |
| ૩ | શીંગદાણા | ૧૨૧૦ | ૧૫૬૯ |
| ૪ | તલ સફેદ | ૨૨૯૦ | ૨૭૮૧ |
| ૫ | તલ કાળા | ૨૫૪૪ | ૨૯૭૨ |
| ૬ | તલ કાશ્મીરી | ૩૯૯૫ | ૪૧૩૫ |
| ૭ | બાજરો | ૪૪૫ | ૫૦૮ |
| ૮ | જુવાર | ૬૦૦ | ૧૧૭૨ |
| ૯ | ઘંઉ ટુકડા | ૪૧૧ | ૬૬૨ |
| ૧૦ | ઘઉં લોકવન | ૪૧૫ | ૫૪૪ |
| ૧૧ | ચણા | ૯૦૦ | ૧૧૧૪ |
| ૧૨ | ચણા દેશી | ૧૧૧૫ | ૧૪૦૧ |
| ૧૩ | તુવેર | ૧૩૪૦ | ૨૧૩૦ |
| ૧૪ | કપાસ | ૯૮૦ | ૧૫૮૦ |
| ૧૫ | એરંડા | ૧૦૬૨ | ૧૧૨૦ |
| ૧૬ | જીરૂ | ૩૨૦૦ | ૪૯૦૦ |
| ૧૭ | રાયડો | ૮૫૦ | ૯૪૫ |
| ૧૮ | રાય | ૯૨૦ | ૧૨૦૦ |
| ૧૯ | ધાણા | ૧૩૫૦ | ૧૯૬૫ |
| ૨૦ | ધાણી | ૧૩૬૦ | ૨૪૬૫ |
| ૨૧ | મેથી | ૧૦૪૦ | ૧૨૦૦ |
| ૨૨ | સોયાબીન | ૮૦૦ | ૮૧૮ |
| ૨૩ | મરચા લાંબા | ૭૦૦ | ૫૮૦૦ |
| ૨૪ | સુવાદાણા | ૧૫૪૦ | ૧૫૪૦ |

## પાના ૧ ઉપરનું ચાલું અમરેલીની શાંતાબા જનરલ હોસ્પિટલમાં

એમઆરઆઈ જેવી સુવિધાઓ ઉપલબ્ધ નથી, નિષ્ણાંત તબીબોની કમી, બહારની દવા લખી આપવાનું દુષણ જેવી અનેક સમસ્યાઓ વિકરાળ બની હોય રાજયનું આરોગ્ય વિભાગ લાજ કાઢીને બેઠું છે. દોઢ વર્ષ પહેલા મોતિયાકાંડ થયા બાદ ગત રાત્રિની ઘટનાએ પણ સૌની ચિંતા વધારી છે.

## પાના ૧ ઉપરનું ચાલું અમરેલીનાં ૨ વ્યકિતઓએ પેવર બ્લોકનાં

ગજેરાપરામાં રહેતા નિતીનભાઈ બેચરભાઈ વાગદોડીયા તથા માંડવડા ગામે રહેતા જગદીશભાઈ મનુભાઈ પોકળે પેવર બ્લોક કુલ–૨૬૪ બ્રાસ કિંમત રૂપિયા ૭,૫૮,૦૦૦ વેચાણથી લઈ જઈ અને બાકીબીલની રકમ રૂા. ૭,૫૮,૦૦૦ કામ પુર્ણ થયે આપવાનો વિસ ભરોસો આપી બાકીબીલની રકમ રૂપિયા ૭,૫૮,૦૦૦ ની વેપારી નહી આપી વિસઘાત તથા ઠગાઈ કર્યાની ફરિયાદ નોંધાઈ છે.

## પાના ૮ ઉપરનું ચાલું જસદણનાં પાટીદાર પરિવારની દીકરીની

ગોપાલભાઈ વસ્તરપરાના ધ્યાને આવતા તાત્કાલિક જસદણના આ પરિવારનો સંપર્ક કરી જરૂરી તમામ આર્થિક સહાય કરવા હૈયાધારણા આપી હતી. આ ઉપરાંત કિરણ હોસ્પિટલ સુરત ટેલીફોનિક સંપર્ક કરી રૂપલની તમામ સારવાર અતિ આધુનિક એવી કિરણ હોસ્પિટલ સુરત માત્ર ૫૦% ચાર્જથી કરી આપશે બાકીની ૫૦ % રકમ ગોપાલભાઈ વસ્તરપરા ચમારડી (બાબરા) પોતે ચૂકવી આપશે. આ સમાચારથી રૂપલનો ચહેરો ફરી ચમકી ઉઠયો છે. અમરેલી એકસપ્રેસના પ્રતિનિધી પ્રતાપભાઈ ખુમાણના સગા બહેન હર્ષાબા જસદણ સાસરે છે તેમના મારફત આ પરિવારની માહિતી મળતા ખુમાણ પોતે રૂબરૂ જસદણ જઈ પરિવારની મુલાકાત લઈ, આખી કરૂણ કહાની જાણ્યા બાદ તમામ અખબારોમાં જસદણ સ્થાનિક પત્રકાર મિત્રોના સાથ સહકારથી સમગ્ર સમાજ સમક્ષ આ ઘટના ઉજાગર કરી હતી. જસદણ સ્થિત ઉદ્યોગપતિ અને પ્રતાપભાઈ ખુમાણના બનેવી હરેશભાઈ ધાધલ દ્વારા અત્યાર સુધી રૂપલના પરિવારને દવા અને જરૂરી સારવાર માટે સતત આર્થિક સહાય પુરી પાડવામાં આવી રહી છે. હવે જયારે પાટીદાર સમાજના ભામાશા આગળ આવ્યા છે ત્યારે રૂપલને કાયમ માટે આ વ્યાધી ઉપાધીમાંથી મુકિત મળશે. આશાના આ કિરણોથી આ ડોબરીયા પરિવારમા જાણે આનંદ અને ખુશીના તોરણ બંધાણા છે.

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૮૨ | ૧૫૩૬ |
| ૨ | કપાસ સી ગ્રેડ | ૯૦૦ | ૯૦૦ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૬૧ | ૧૪૯૬ |
| ૨ | ઘઉં | ૪૦૧ | ૬૦૦ |
| ૩ | ચણા | ૧૦૧૧ | ૧૦૮૦ |
| ૪ | ધાણા | ૧૨૦૧ | ૧૪૨૧ |
| ૫ | તુવેર | ૧૪૭૦ | ૧૬૮૦ |
| ૬ | જુવાર | ૬૨૫ | ૬૨૫ |
| ૭ | સોયાબીન | ૫૭૦ | ૭૯૦ |
| ૮ | મેથી | ૧૦૩૦ | ૧૧૫૫ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૭૮૧ | ૧૨૦૧ |
| ૨ | શીંગ મોટી | ૯૭૭ | ૧૨૦૪ |
| ૩ | તલ સફેદ | ૨૩૦૦ | ૨૫૦૦ |
| ૪ | તલ કાળા | – | ૨૯૫૦ |
| ૫ | જીરૂ | ૩૨૦૦ | ૫૦૦૦ |
| ૬ | કપાસ | ૧૩૫૧ | ૧૫૧૧ |
| ૭ | ઘઉં લોકવન | ૪૨૫ | ૫૩૫ |
| ૮ | ઘઉં ટુકડા | ૪૩૭ | ૬૧૯ |
| ૯ | બાજરો | ૪૪૦ | ૫૩૬ |
| ૧૦ | જુવાર | ૪૦૦ | ૯૮૬ |
| ૧૧ | મકાઈ | ૫૦૦ | ૬૦૧ |
| ૧૨ | ચણા | ૧૦૦૦ | ૧૧૩૮ |
| ૧૩ | ચણા દેશી | ૧૦૮૦ | ૧૪૪૧ |
| ૧૪ | તુવેર | ૧૫૮૦ | ૧૯૦૦ |
| ૧૫ | એરંડી | ૧૧૪૦ | ૧૧૫૨ |
| ૧૬ | મેથી | ૯૫૦ | ૧૩૧૧ |
| ૧૭ | રાય/રાયડો | ૮૭૦ | ૧૧૭૨ |
| ૧૮ | ધાણા | ૧૪૦૦ | ૧૭૨૧ |
| ૧૯ | સોયાબીન | ૮૦૧ | ૮૬૩ |
| ૨૦ | વાલ | ૧૦૦૧ | ૧૨૦૦ |

## પાના ૧ ઉપરનું ચાલું લીલીયામોટા : ક્રેડીટ કો.ઓપ. સોસાયટીનાં

મહેન્દ્રભાઈ કાન્તીભાઈ ડોડીયાએ ધિરાણ મેળવી હપ્તા નહી ભરતા માંગણાની નોટીસ આપતા ત્રણેય બાકીદારોએ વ્યાજ તથા મુદલની ગણતરી કરી કૃણાલભાઈએ ચેક રૂા. ૨,૧૮,૯૦૦ તથા આકાશભાઈએ ચેક રૂા. ૩,૧૦,૨૦૦ તથા મહેન્દ્રભાઈએ ચેક રૂા. ૫,૧૭,૦૦૦નો આપેલ. આ ત્રણેય ચેક રીટર્ન થતાં મંડળીનાં મેનેજીંગ ડાયરેકટર મગનભાઈ હરીભાઈ વિરાણીએ મંડળીનાં લીગલ એડવાઈજર કિશોર પાઠક મારફત લીલીયા અદાલતમાં ફોજદારી કેસ નં. ૫૭૩/૨૦૨૩ તથા ૫૭૬/૨૦૨૩ તથા ૫૭૮/૨૦૨૩નો દાખલ કરતા કેસ ચાલી જતાં આ ત્રણેય ઈસમોને છ–છ માસની સાદી કેદની સજા તથા ચેકની રકમ વ્યાજ સહિત વળતર રૂપે મંડળીને ચુકવવા આદેશ કરેલ છે.

આરોપીઓ અદાલતમાં ગેરહાજર રહેલ હોય જેથી આરોપી સામે સજાવોરન્ટ ઈસ્યુ કરી એસપીને ધરપકડ કરી જેલહવાલે કરવા આદેશ કરવામાં આવેલ છે.

## પાના ૧ ઉપરનું ચાલું ઈકો સેન્સેટિવ ઝોનમાં આવેલ

કલેકટર તરીકે તાજેતરમાં જ નિયુકત થયેલ દિગ્વિજયસિંહ જાડેજાએ કાર્યભાર સંભાળતાની સાથે જ જિલ્લામાં ચાલતી ગેરકાયદે પ્રવૃત્તિઓ પર સીધી દેખરેખ હેઠળ સપાટો બોલાવ્યો છે. જેમાં અનઅધિકૃત રીતે ખનીજ ખનન, પરિવહન તેમજ બાયોડિઝલના વેચાણ સામે લાલ આંખ કરી કડક કાર્યવાહી હાથ ધરી છે. આ ઉપરાંત ગીર જંગલ આસપાસના ઈકો સેન્સેટિવ ઝોનમાં ચાલતી ગેરકાયદે પ્રવૃત્તિઓ ઉપર ઘોસ બોલાવી છે.

ગત રાત્રીના દરોડા અંગેની માહિતી આપતા જિલ્લાના અધિક કલેકટર આર.જી. આલેએ માહિતી આપતા જણાવેલ કે, ગીરગઢડા તાલુકાના વડવીયાળા ગામે ઈકો સેન્સેટિવ ઝોન માં આવતા સર્વે નંબર ૨૩૭/પૈકી ૩/પૈકી ૧ વાળી જમીનમાં અનઅધિકૃત રીતે બ્લેકટ્રેપ ખાણીજનો જથ્થો વગર પરવાનગીએ સંગ્રહ કરવા બાબત તથા ગેરકાયદેસર રીતે પેવર પ્લાન્ટ સંદર્ભે ફરિયાદ મળતા તાત્કાલિક અસરથી ઉના પ્રાંત અધિકારી, ગીરગઢડા મામલતદાર અને ખાણ ખનીજ વિભાગને સ્થળ તપાસનો આદેશ કરવામાં આવેલ.

જયાં સ્થળ પર દરોડા દરમિયાન ગેરકાયદેસર રીતે ૧૧૪૫૬ મેટ્રિકટન બ્લેકટ્રેપ ખનીજનો જથ્થો તથા વિવિધ પ્લાન્ટ/મશીનરીઓ અને અનઅધિકૃત પ્રવૃત્તિ ધ્યાને આવતાં રૂા. ૫૧,૯૬,૪૪૧/– નો જથ્થો સિઝ કરવામાં આવેલ. તેમજ જમીન માલિક અતુલભાઈ બચુભાઈ ખોખર રહે. કોડીનાર અને ઈકો સેન્સીટીવ ઝોનમાં ગેરકાયદેસર રીતે ખનીજનો જથ્થો સંગ્રહ કરનાર કોન્ટ્રાકટર કે.વી. બારડ અને તુષારભાઈ પંડયા રહે. ઉનાવાળા વિરૂદ્ધ ઉના પ્રાંત અધિકારી દ્વારા કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

અત્રે નોંધનીય છે કે, ઉપરોકત બાબતે ઉનાના પર્યાવરણપ્રેમી ધર્મેશ જેઠવા દ્વારા અવારનવાર જવાબદાર તંત્રને લેખિત ફરિયાદ કરવામાં આવી હતી. પરંતુ યેનકેન કારણોસર આ અનઅધિકૃત પ્રવૃત્તિ સામે સ્થાનિક કક્ષાએથી કોઈ કાર્યવાહી હાથ ધરવામાં આવતી ના હતી. દરમિયાન નવનિયુકત જિલ્લા કલેકટર દિગ્વિજયસિંહ જાડેજાને ધ્યાને ફરિયાદ આવતા મધ્યરાત્રીના દરોડાની સાથે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવતા જિલ્લામાં ગેરકાયદેસર પ્રવૃત્તિ સાથે સંકળાયેલા આસામીઓમાં ફફડાટ વ્યાપી ગયો છે. રાજકીય ઓથ ધરાવતા લોકો દ્વારા રાજકીય ભલામણોનો દોર ચલાવી કડક કાર્યવાહીથી બચવા હવાતિયાં મારી રહ્યાનું પણ ચર્ચાઈ રહ્યું છે.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૨૫૦ | ૧૫૯૦ |
| ૨ | મગફળી | ૧૧૭૨ | ૧૧૯૮ |
| ૩ | ઘઉં | ૪૪૫ | ૫૮૫ |
| ૪ | ચણા | ૧૦૬૩ | ૧૧૧૭ |
| ૫ | જીરૂ | ૪૧૭૦ | ૪૮૦૦ |
| ૬ | ધાણા | ૧૧૪૦ | ૧૭૨૦ |
| ૭ | મેથી | ૯૯૦ | ૧૧૧૦ |
| ૮ | રાઈ | ૯૩૦ | ૧૧૮૦ |
| ૯ | તુવેર | ૧૫૬૦ | ૧૭૧૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૧૦૦ | ૧૨૨૦ |
| ૨ | કપાસ | ૧૦૦૦ | ૧૫૫૧ |
| ૩ | બાજરો | ૪૭૧ | ૫૨૮ |
| ૪ | ઘઉં ટુકડા | ૪૫૦ | ૬૩૧ |
| ૫ | જુવાર | ૫૨૦ | ૯૦૮ |
| ૬ | મકાઈ | ૪૩૧ | ૪૩૧ |
| ૭ | મેથી | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ૮ | તુવેર | ૧૪૦૦ | ૧૪૦૦ |
| ૯ | ચણા | ૯૯૦ | ૧૦૯૧ |
| ૧૦ | જીરૂ | ૩૫૦૦ | ૪૨૦૦ |
| ૧૧ | અજમા | ૧૭૦૦ | ૧૭૦૦ |
| ૧૨ | સોયાબીન | ૭૦૧ | ૮૩૫ |
| ૧૩ | ધાણા | ૧૫૦૦ | ૧૬૫૧ |

## પાના ૮ ઉપરનું ચાલું મુખ્યમંત્રી કેજરીવાલની ધરપકડને લઈને

દિવસના રિમાંડ માગવામાં આવ્યા હતા.

રાઉઝ એવન્યુ કોર્ટમાં સુનાવણી દરમિયાન EDએ કોર્ટને જણાવ્યું કે અરવિંદ કેજરીવાલ દિલ્હી દારૂ કૌભાંડના કિંગપિન છે. EDએ કહ્યું કે કેજરીવાલ દિલ્હી લિકર પોલિસીની રચનામાં સીધા સામેલ હતા. કેજરીવાલે લાંચ લેવામાં અમુક લોકોની તરફેણ કરી હતી. ગુનામાંથી મળેલી રકમનો ઉપયોગ આમ આદમી પાર્ટીની ગોવાની ચૂંટણી માટે ભંડોળ માટે કરવામાં આવ્યો હતો.

દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલે સુપ્રીમ કોર્ટમાંથી પોતાની અરજી પાછી ખેંચી લીધી છે. અરજીમાં ED દ્વારા ધરપકડને પડકારવામાં આવી હતી. રિપોર્ટ અનુસાર કેજરીવાલના પક્ષમાંથી છેલ્લા કેટલાક સમયથી અરજી પાછી ખેંચી લેવામાં આવી છે. આ મામલામાં કેજરીવાલની અરજી પર આજે નીચલી કોર્ટમાં સુનાવણી થવાની છે. આવી સ્થિતિમાં કેજરીવાલ વતી વકીલ અભિષેક મનુ સિંઘવી ત્યાં હાજર થયા છે.

રાઉઝ એવન્યુ કોર્ટમાં દારૂ કૌભાંડ કેસની સુનાવણી ચાલી રહી છે. આ સમયગાળા દરમિયાન, EDએ કેજરીવાલ વિશે ઘણા દાવા કર્યા છે. EDએ બે લોકો વચ્ચેની ચેટને દ્વારા કહ્યું હતું કે, જેમાં રોકડની ચર્ચા થઈ રહી હતી. ઈઢએ કહ્યું કે હવાલા દ્વારા ૪૫ કરોડ રૂપિયા ગોવામાં ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા. વિવિધ લોકોને મોટી રકમ આપવામાં આવી હતી. અમે આ લોકોની સીડીઆર વિગતો મેળવી છે. અમારી પાસે તેમનો ફોન રેકોર્ડ પણ છે. વિજય નાયરની એક કંપની પાસેથી પણ પુરાવા મળ્યા છે. આ પૈસા ચાર માર્ગો દ્વારા ગોવામાં ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા.

સીએમ કેજરીવાલ તરફથી હાજર રહેલા વરિષ્ઠ વકીલ અભિષેક મનુ સિંઘવીએ કહ્યું કે કોઈને દોષિત શોધવાનું કારણ અને ઈઢ પાસે ઉપલબ્ધ સામગ્રી વચ્ચે સંબંધ હોવો જોઈએ. સવાલ એ છે કે ધરપકડની જરૂર કેમ પડી? તેમણે કેજરીવાલની ધરપકડનો વિરોધ કર્યો અને કહ્યું કે ED પાસે બધું જ છે તો ધરપકડની શી જરૂર હતી? ૮૦% લોકોએ કેજરીવાલના નામનો ઉલ્લેખ કર્યો નથી. તેણે એવું પણ કહ્યું નહીં કે તે ક્યારેય તેને મળ્યા હતા. કેજરીવાલ તરફથી હાજર રહેલા વરિષ્ઠ વકીલ અભિષેક મનુ સિંઘવીએ રિમાન્ડની માંગનો વિરોધ કર્યો હતો. સિંઘવીએ કહ્યું કે ધરપકડ સંબંધિત નિયમો કડક કરવામાં આવ્યા છે કારણ કે જામીનના નિયમો પણ કડક છે. મતલબ કે જો કોઈને આસાનીથી છોડવામાં નહીં આવે તો ધરપકડ સરળતાથી થઈ શકે નહીં. સિંઘવીએ કહ્યું કે જ્યારથી દેશ આઝાદ થયો છે ત્યારથી ઈતિહાસમાં આવું પહેલીવાર બન્યું છે કે કોઈ રાજ્યના સીટીંગ સીએમની ધરપકડ કરવામાં આવી હોય. તેમણે કહ્યું કે કસ્ટોડિયલ પૂછપરછની ન તો જરૂર છે અને ન તો જરૂર છે. આ પહેલીવાર છે જ્યારે કોઈ પાર્ટીના ચાર મંત્રીઓ કસ્ટડીમાં છે. EDએ કોર્ટમાં કહ્યું કે, કૌભાંડ અને છેતરપિંડી થઈ હોવાના મજબૂત પુરાવા છે. ગોવાની ચૂંટણી માટે ભંડોળ ઊભું કરવા માટે એકસાઈઝ નીતિમાં ફેરફાર કરવામાં આવ્યો હતો. પ્રોસિક્યુશન કેસનું પરીક્ષણ અને સર્વોચ્ચ અદાલત દ્વારા સમર્થન કરવામાં આવ્યું છે. સુપ્રીમ કોર્ટે આ તમામ બાબતોની તપાસ કરી અને મનીષ સિસોદિયાને જામીન આપવાનો ઈનકાર કરી દીધો. તપાસમાં ઘણા સ્તરો છે, આપણે આ મામલાના તળિયે જવું પડશે.

બીજી તરફ દિલ્હી એકસાઈઝ પોલીસી કેસમાં ગુરૂવારે એટલે કે ૨૧ માર્ચ ૨૦૨૪નાં રોજ ઈડી ધ્વારા સીએમ અરવિંદ કેજરીવાલની ધરપકડ બાદ દિલ્હીમાં અરાજકતાનું વાતાવરણ છે. શુક્રવારે સવારથી દિલ્હીમાં આમ આદમી પાર્ટીનાં કાર્યકરો અને નેતાઓ વિરૂધ્ધ પ્રદર્શન ચાલી રહ્યું છે. આપ એ અરવિંદ કેજરીવાલની ધરપકડ બાદ દેશવ્યાપી વિરોધ પ્રદર્શનની જાહેરાત કરી છે. આ ઉપરાંત ઈન્ડિયા બ્લોકમાં સામેલ રાજકીય પક્ષોને પણ વિરોધમાં સામેલ થવાની અપીલ કરવામાં આવી છે.

**ભાજપ કાર્યાલય પર દેખાવ :** પાર્ટીનાં રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલની ધરપકડ બાદ આમ આદમી પાર્ટીએ શુક્રવારે ભારતીય જનતા પાર્ટીના કાર્યાલય પર પ્રદર્શન કરવાની પણ જાહેરાત કરી છે. પાર્ટ કાર્યકર્તાઓને મોટા પાયે પ્રદર્શનમાં જોડાવા માટે કહેવામાં આવ્યું છે.

દિલ્હીનું રાજકારણ ગરમાયું છે. આમ આદમી પાર્ટીના નેતાઓ અને કાર્યકરો વિરોધ કરતાં જોવા મળી રહ્યા છે. તેને ધ્યાનમાં રાખીને દિલ્હીમાં સુરક્ષા વ્યવસ્થા સઘન કરી દેવામાં આવી છે. જેના કારણે અનેક માર્ગો પર વાહન વ્યવહારને અસર થવાની સંભાવના છે.

**દરેકને શાંતિ જાળવવા અપીલ :** આમ આદમી પાર્ટીના વિરોધને ધ્યાનમાં રાખીને દિલ્હી પોલીસે ઈડી હેડકવાર્ટર, આમ આદમી પાર્ટી ઓફિસ, બીજેપી હેડકવાર્ટર, આઈટીઓ, લ્યુટિયન્સ, કનોટ પ્લેસ, સુપ્રીમ કોર્ટ, દિલ્હી હાઈકોર્ટ, રાઉઝ એવન્યુ કોર્ટ સહિત રાજધાનીના મુખ્ય ચોકને ઘેરી લીધા છે. જંતર–મંતર, ઈનિડયા ગેટ, ચોરચેક પર પોલીસ પેટ્રોલિંગ ચુસ્ત કરી દેવામાં આવ્યું છે. આ ઉપરાંત પોલીસે વિવિધ સ્થળોએ બેરીકેટ પણ લગાવ્યા હતા. દિલ્હી પોલીસે લોકોને શાંતિ જાળવવાની અપીલ કરી છે. દેખાવકારોને એવું કંઈ ન કરવા કહેવામાં આવ્યું છે જે અશાંતિને ઉત્તેજન આપે. પોલીસે એમ પણ કહ્યું હતું કે કાયદાનો ભંગ કરનાર સામે નિયમો મુજબ કડક કાર્યવાહી કરવામાં આવશે.

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૯૦ | ૧૫૫૧ |
| ૨ | જુવાર સફેદ | ૮૦૨ | ૮૦૨ |
| ૩ | ચણા | ૧૦૫૨ | ૧૦૯૫ |
| ૪ | સોયાબીન | ૭૯૦ | ૭૯૦ |
| ૫ | બાજરો | ૪૬૪ | ૪૬૪ |
| ૬ | ઘઉં | ૫૫૫ | ૫૬૦ |
| ૭ | મેથી | ૧૦૭૦ | ૧૦૭૫ |
| ૮ | ધાણા | ૧૧૦૦ | ૧૫૦૧ |
| ૯ | વાલ | ૧૪૯૧ | ૧૪૯૧ |
| ૧૦ | મકાઈ | ૫૦૦ | ૫૦૦ |

## છેલ્લા ૧૫ દિવસ સુધી એક ડઝન કરતાં વધુ નામોની ચર્ચા બાદ

# અમરેલી બેઠકનાં ભાજપનાં ઉમેદવાર કોણની ચર્ચામાં વિરામ

**કોંગ્રેસ પક્ષનાં ઉમેદવાર જાહેર થઈ ગયા બાદ ભાજપનાં સંભવિત નામને લઈને અટકળો પૂર્ણ થઈ**

**ભાજપનાં ઉમેદવાર કોણ હશે ક્યારે તેનું નામ જાહેર થશે તેની જાણકારી મેળવવામાં સૌ ઉદાસીન**

**જનતા જનાર્દન એવું કહે છે કે જે ઉમેદવાર આવે તે હવે આપણને તેમાં શું ફર્ક પડે**

**રાજકીય પક્ષોનાં કાર્યકરોમાં પણ ભાજપનાં ઉમેદવારની ચર્ચાની ગતિ ધીમી પડી ગઈ**

અમરેલી, તા. ૨૨

અમરેલી લોકસભા બેઠકનાં ભાજપનાં ઉમેદવાર કોણ હશે તેને લઈને ૧૫ દિવસ શરૂ રહેલ અટકળો પર પુર્ણ વિરામ આવી ગયો છે જનતા જનાર્દન એવુ માને છે કે જે ઉમેદવાર આવે તેમાં આપને શું ફર્ક પડવાનો છે. રાજકીય પક્ષોના કાર્યકરોમાં પણ ભાજપનાં ઉમેદવારને ચર્ચાની ગતી ધીમી પડી ગઈ છે.

ભાજપના સંભવિત એક ડઝન ઉમેદવારો લઈને તેમના ટેકેદારો દ્વારા ૧૫ દિવસ સુધી વ્યાપક ચર્ચાઓ શરૂ થઈ અને તેમાં મતદારો એ પણ ઝંપલાવ્યું અને જાણવાનો પ્રયાસ કર્યો કે કોણ હશે નસીબદાર કે જેને ભાજપનાં ઉમેદવાર બનવાની તક મળશે.

તાજેતરમાં કોંગ્રેસના ઉમેદવારનું નામ જાહેર થયા બાદ હવે, ભાજપનાં ઉમેદાર કોણ હશે તે જાણવા મતદારોમાં ઉત્સાહ જોવા મળતો નથી અને જિલ્લાનાં મતદારો એવુ પણ કહે છે કે જે વ્યકિત સાંસદ બનશે તેનો સર્વાંગી વિકાસ થશે. અમરેલી જિલ્લાના વિકાસની ગતી જે ધીમી ગતીએ ચાલે છે તેમાં કોઈ વધારો કરશે નહી તેવો નિરાશાવાદ મતદારોમાં ઉભો થયો છે.

જો કે જે વ્યકિત સાંસદ બનશે તે તેનો તેના પરિવારનો અને તેનાં કાર્યકરોનો વિકાસ જ કરે છે. જનતાના શિક્ષણ, આરોગ્ય, રોજગારી બિસ્માર માર્ગો અંગે ગંભીરતાથી છેલ્લા ૭૮ વર્ષમાં કામ જે ગતિએ થયુ છે તે ગતીએ થવાનુ હોય મતદારોનો ઉત્સાહ ઘટે તે પણ સ્વભાવીક છે.

### કેજરીવાલની એક્સાઇઝ પોલિસીમાં કરવામાં આવી છે ધરપકડ

## મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના ૬ દિવસના રિમાન્ડ મંજૂર કરાયા

**દિલ્હી લિકર પોલિસી કેસમાં કેજરીવાલ ૨૮ માર્ચ સુધી EDના રિમાન્ડ પર રહેશે : અરવિંદ કેજરીવાલના વકીલ સિંઘવીએ રિમાન્ડનો વિરોધ કર્યો હતો**

નવી દિલ્હી, તા.૨૨

દિલ્હી લિકર પોલિસી કેસમાં PMLA કોર્ટે મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને ૨૮ માર્ચ (૬ દિવસ) સુધી ED રિમાન્ડ પર મોકલી દીધા છે. આ પહેલા ૩ કલાકની સુનાવણી બાદ કોર્ટે નિર્ણય અનામત રાખ્યો હતો. શુક્રવારે બપોરે ૨ વાગ્યે કેજરીવાલને રાઉઝ એવન્યુ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. સુનાવણી બપોરે ૨.૧૫ વાગ્યે શરૂ થઈ અને ૫.૧૫ વાગ્યા સુધી ચાલી હતી. EDએ ૧૦ દિવસના રિમાન્ડની માગણી કરી હતી. સીએમને આ મામલે માસ્ટરમાઈન્ડ ગણાવ્યા છે. સાથે જ દાવો કર્યો છે કે આ કેસ સાથે સંબંધિત ઘણા ઈલેક્ટ્રોનિક પુરાવાઓ કાઢી નાખવામાં આવ્યા છે. ઘણા ફોન તોડી નાખ્યા છે. હવે તેમની ૭ દિવસ સુધી પૂછપરછ થશે. જોકે, કેજરીવાલ નીચલીકોર્ટના હુકમ સામે ઉપલી કોર્ટમાં જઈ શકે છે.

આમ આદમી પાર્ટીના વડા અને દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલની દિલ્હી એક્સાઈઝ પોલિસી ૨૦૨૧-૨૨ના કથિત કૌભાંડમાં ગુરુવારે ED દ્વારા ધરપકડ કરવામાં આવી હતી. અરવિંદ કેજરીવાલને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા અને તેમના ૧૦ દિવસના રિમાંડ માગવામાં આવ્યા હતા. આમ આદમી પાર્ટીના વડા અને દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલની દિલ્હી એક્સાઈઝ પોલિસી ૨૦૨૧-૨૨ના કથિત કૌભાંડમાં ગુરુવારે ED દ્વારા ધરપકડ કરવામાં આવી હતી.

રાઉઝ એવન્યુ કોર્ટમાં સુનાવણી દરમિયાન EDએ કોર્ટને જણાવ્યું કે અરવિંદ કેજરીવાલ દિલ્હી દારૂ કૌભાંડના કિંગપિન છે. ઈડીએ કહ્યું કે કેજરીવાલ દિલ્હી લિકર પોલિસીની રચનામાં સીધા સામેલ હતા. કેજરીવાલે લાંચ લેવામાં અમુક લોકોની તરફેણ કરી હતી. ગુનામાંથી મળેલી રકમનો ઉપયોગ આમ આદમી પાર્ટીની ગોવાની ચૂંટણી માટે ભંડોળ માટે કરવામાં આવ્યો હતો.

દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલે સુપ્રીમ કોર્ટમાંથી પોતાની અરજી પાછી ખેંચી લીધી છે. અરજીમાં ED દ્વારા ધરપકડને પડકારવામાં આવી હતી. રિપોર્ટ અનુસાર કેજરીવાલના પક્ષમાંથી છેલ્લા કેટલાક સમયથી અરજી પાછી ખેંચી લેવામાં આવી છે. આ મામલામાં કેજરીવાલની અરજી પર આજે નીચલી કોર્ટમાં સુનાવણી થવાની છે. આવી સ્થિતિમાં કેજરીવાલ વતી વકીલ અભિષેક મનુ સિંઘવી ત્યાં હાજર થયા છે.

રાઉઝ એવન્યુ કોર્ટમાં દારૂ કૌભાંડ કેસની સુનાવણી ચાલી રહી છે. આ સમયગાળા દરમિયાન, EDએ કેજરીવાલ વિશે ઘણા દાવા કર્યા છે. EDએ બે લોકો વચ્ચેની ચેટને દ્વારા કહ્યું હતું કે, જેમાં રોકડની ચર્ચા થઈ રહી હતી. ઈડીએ કહ્યું કે હવાલા દ્વારા ૪૫ કરોડ રૂપિયા ગોવામાં ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા. વિવિધ લોકોને મોટી રકમ આપવામાં આવી હતી. અમે આ લોકોની સીડીઆર વિગતો મેળવી છે. અમારી પાસે તેમનો ફોન રેકોર્ડ પણ છે. વિજય નાયરની એક કંપની પાસેથી પણ પુરાવા મળ્યા છે. આ પૈસા ચાર માર્ગો દ્વારા ગોવામાં ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા.

સીએમ કેજરીવાલ તરફથી હાજર રહેલા વરિષ્ઠ વકીલ અભિષેક મનુ સિંઘવીએ કહ્યું કે કોઈને દોષિત શોધવાનું કારણ અને ઈડી પાસે ઉપલબ્ધ સામગ્રી વચ્ચે સંબંધ હોવો જોઈએ. સવાલ એ છે કે ધરપકડની જરૂર કેમ પડી? તેમણે કેજરીવાલની ધરપકડનો વિરોધ કર્યો અને કહ્યું કે ED પાસે બધું જ છે તો ધરપકડની શી જરૂર હતી? ૮૦% લોકોએ કેજરીવાલના નામનો ઉલ્લેખ કર્યો નથી. તેણે એવું પણ કહ્યું નહીં કે તે ક્યારેય તેને મળ્યા હતા. કેજરીવાલ તરફથી હાજર રહેલા વરિષ્ઠ વકીલ અભિષેક મનુ સિંઘવીએ રિમાન્ડની માંગનો વિરોધ કર્યો હતો. સિંઘવીએ કહ્યું કે ધરપકડ સંબંધિત નિયમો કડક કરવામાં આવ્યા છે કારણ કે જામીનના નિયમો પણ કડક છે. મતલબ કે જો કોઈને આસાનીથી છોડવામાં નહીં આવે તો ધરપકડ સરળતાથી થઈ શકે નહીં. સિંઘવીએ કહ્યું કે જ્યારથી દેશ આઝાદ થયો છે ત્યારથી ઈતિહાસમાં આવું પહેલીવાર બન્યું છે કે કોઈ રાજ્યના સીટીંગ સીએમની ધરપકડ કરવામાં આવી હોય. તેમણે કહ્યું કે કસ્ટોડિયલ પૂછપરછની ન તો જરૂર છે અને ન તો જરૂર છે. આ પહેલીવાર છે જ્યારે કોઈ પાર્ટીના ચાર મંત્રીઓ કસ્ટડીમાં છે. EDએ કોર્ટમાં કહ્યું કે, કૌભાંડ અને છેતરપિંડી થઈ હોવાના મજબૂત પુરાવા છે. ગોવાની ચૂંટણી માટે ભંડોળ ઊભું કરવા માટે એક્સાઈઝ નીતિમાં ફેરફાર કરવામાં આવ્યો હતો. પ્રોસિક્યુશન કેસનું પરીક્ષણ અને સર્વોચ્ચ અદાલત દ્વારા સમર્થન કરવામાં આવ્યું છે. સુપ્રીમ કોર્ટે આ તમામ બાબતોની તપાસ કરી અને મનીષ સિસોદિયાને જામીન આપવાનો ઈનકાર કરી દીધો. તપાસમાં ઘણા સ્તરો છે, આપણે આ મામલાના તળિયે જવું પડશે.


### જાહેર નોટિસ

અમો નીચે સહી કરનાર કૌશલભાઈ બી. પંડયા, એડવોકેટ–અમરેલી ના આથી અમારા અસીલ, **(૧) શ્રી કૃણાલભાઈ ધનજીભાઈ બારૈયા, (૨) શ્રી શોભનાબેન કૃણાલભાઈ બારૈયા**, બન્ને રહે.સાવરકુંડલા, જીલ્લો–અમરેલીની સુચના અન્વયે આથી લાગતા– વળગતા સર્વોને આ નોટીસથી જાણ કરીએ છીએ કે ::–

ગુજરાત રાજયના અમરેલી જીલ્લાના સાવરકુંડલા તાલુકાના મોજે કુંડલા ગામના સીમના રે.સ.નં.૩૯૩/૧ ઉપર આવેલ ગુજરાત હાઉસીંગ બોર્ડ દ્રારા બનાવવામા આવેલ ફલેટ નં.એલ/૨૨, જેનુ ક્ષેત્રફળ ચો.મી.૧૪૪–૧૭૫ તથા તે જમીન ઉપર બાંધકામ ચો.મી.૪૦–૪૯ સહીતની મિલ્કતના મારા અસીલો સબ રજીસ્ટ્રારશ્રીની કચેરી, સાવરકુંડલામા નોંધાયેલ વેચાણલેખ નં.૧૨૮૦ તા.૭/૭/૨૧ થી માલીક છે. આ બ્લોક નં.૨૨ ની મિલ્કત જાગીર વ્યવસ્થાપકશ્રીની કચેરી, ગુજરાત હાઉસીંગ બોર્ડ, રાજકોટ તરફથી શ્રી રમણીકલાલ ફુલચંદભાઈ ને ફાળવવામા આવેલી. જે તેમના મુખત્યાર દ્રારા કરી આપવામા આવેલ કન્વયેન્સ ડીડ નં.૯૦૪ તા.૨૭/૮/૧૯૯૬ થી શ્રી વિનોદરાય ચુનીલાલ વણજારાના માલીકી હકકે આવેલ. તેમનુ અવસાન તથા તેમના પત્નિ ભાનુમતીબેન વિનોદરાયનુ અવસાન થવાથી તેમના વારસો કાજલબેન, પૂજાબેન, નિલમબેન, સીમબેન અને શ્યામભાઈ વિનોદરાય વણજારાના માલીકી હકકે આવેલ. ત્યારબાદ **(૧) શ્રી કાજલબેન વિનોદરાય વણજારા, (૨) શ્રી પૂજાબેન વિનોદરાય વણજારા (કુલમુખત્યાર શ્રી શ્યામભાઈ વિનોદરાય વણજારા) (૩) શ્રી નિલમબેન વિનોદરાય વણજારા તથા (૪) શ્રી સીમાબેન વિનોદરાય વણજારા એ શ્રી શ્યામભાઈ વિનોદરાય વણજારા**ની તરફેણમા સબ રજીસ્ટ્રારશ્રીની કચેરી, સાવરકુંડલામા તા.૨૦/૪/૨૧ નારોજ નં.૮૫૩ થી કરી આપેલ બીનઅવેજ રીલીઝ ડીડ થી આ મિલ્કતના સ્વતંત્ર માલીક શ્રી શ્યામભાઈ વિનોદરાય વણજારા થયેલા. તેમના પાસેથી આ મિલ્કત મારા અસીલો (૧) શ્રી કૃણાલભાઈ ધનજીભાઈ બારૈયા, (૨) શ્રી શોભનાબેન કૃણાલભાઈ બારૈયા, બન્ને રહે.સાવરકુંડલા એ સબ રજીસ્ટ્રારશ્રીની કચેરી, સાવરકુંડલામા નોંધાયેલ વેચાણલેખ નં.૧૨૮૦ તા.૭/૭/૨૧ થી આ મિલ્કત વેચાણ રાખેલ છે. ત્યારથી આ મિલ્કતના મારા અસીલો માલીક છે. સદરહુ મિલ્કત સબંધે અમારા પાસેથી ટાઈટલ કલીયર સર્ટીફીકેટની માંગણી કરવામા આવેલ હોય જેથી સદરહુ મિલ્કત સબંધે કોઈ ઈસમ/વ્યકિતનુ કે, કોઈ નાણાકીય સંસ્થા કે, સરકારી, સહકારી કે અર્ધસરકારી સંસ્થાનુ હીત સમાયેલ હોય કે, ઉપરોકત મિલ્કત કોઈની પાસે ગીરો થયેલ હોય કે તેના ઉપર બોજો કરવામા આવેલ હોય તો અથવા કોઈ ઈસમ/વ્યકિતનો લાગભાગ, હકક–હિસ્સો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન–૩ મા લેખીતમા આધાર–પુરાવા સાથે રજીસ્ટર પોષ્ટ એ.ડી.થી જણાવવુ. અન્યથા તે અંગે કોઈને હરકત, વાંધા–તકરાર નથી અને જો હોય તો તેમણે સ્વેચ્છાએ જતા (વેઈવ) કરેલ છે તેમ માની અમારા તરફથી ટાઈટલ કલીયર સર્ટીફીકેટ/એન.ઓ.સી. ઈસ્યુ કરવામા આવશે. ઉપરોકત સમય વિત્યા બાદ તે અંગેની કોઈ જ તકરાર ગ્રાહય રાખવામા આવશે નહી જેની લાગતા– વળગતા સર્વેએ નોંધ લેવી.

તા. ૨૩/૦૩/૨૦૨૪

Pandya Advocates

**કૌશલભાઈ બી. પંડયા**
**એડવોકેટ**
અંબિકા ચેમ્બર્સ, માણેકપરા, અમરેલી

### જાહેર નોટિસ

અમો નીચે સહી કરનાર કૌશલભાઈ બી. પંડયા, એડવોકેટ–અમરેલી ના આથી અમારા અસીલ, દયાબેન રાઘવભાઈ મેરીયા, રહે. કેરીયાનાગસ, તા.જી.અમરેલી ની સુચના અન્વયે આથી લાગતા– વળગતા સર્વોને આ નોટીસથી જાણ કરીએ છીએ કે ::–

ગુજરાત રાજયના અમરેલી જીલ્લાના અમરેલી ગામે સુધરાઈહદમા ચિતલરોડ રસ્તે કે.કે.પારેખ અને મહેતા આર.પી. વિદ્યાલય પાછળ રે.સ.નં.૧૪,૧૫ પૈકીમા આવેલ "ઓમનગર" ના પ્લોટ નં.૬૯ પૈકી ચો.મી.૮૧–૦૦ ની સીટી સર્વે નંબર ૨૮૦૬ પૈકીમા આવેલ મિલ્કત અમારા અસીલ એ (૧) પ્રવિણાબેન નાગરદાસ સુચક, (૨) શૈલેષકુમાર નાગરદાસ સુચક, (૩) કેતનભાઈ નાગરદાસ સુચક, (૪) વિમલભાઈ નાગરદાસ સુચક, (૫) રીટાબેન નાગરદાસ સુચક પાસેથી વેચાણ રાખવા નકકી કરેલ છે. અને તે અંગેનો બાનાખતનો લેખ નોટરી સમક્ષ તારીખ :૧૫/૩/૨૦૨૪ થી પક્ષકારો વચ્ચે કરવામા આવેલ છે. સદરહુ મિલ્કતવાળી પ્લોટની જમીન વિભાગ માપણીથી અમરેલીના સીટી સર્વે નં.૨૮૦૬/૧૯ મુજબ મનોજ ત્રિભોવન ચોવટીયાની માલીકીની હતી. તેમના કુલમુખત્યાર જયદીપ વસંતલાલ વોરા,પાસેથી તા.૩/૧/૧૯૯૪ ના રજી.વેચાણલેખ નં.૧૭ થી નાગજીભાઈ ભુરાભાઈ ઉકાણીએ વેચાણ રાખેલ. તેમના પાસેથી આ પ્લોટ નં.૬૯ પૈકી ચો.મી.૮૧–૦૦ ની જમીન તા.૨૫/૬/૧૯૯૭ ના વેચાણલેખ નં.૧૭૧૫ થી ભરતભાઈ છગનભાઈ વૈષ્ણવ એ વેચાણ રાખેલ. તેઓ પાસેથી આ પ્લોટની જમીન વેચાણલેખ નં.૨૮૪૫ તા.૯/૧૨/૧૯૯૯ થી (૧)લલીતકુમાર બાબુભાઈ વણજારા, (૨) નિતીનકુમાર બાબુભાઈ વણજારા એ વેચાણ રાખેલ તેમના પાસેથી આ મિલ્કત તા.૭/૧૦/૨૦૦૮ ના રજીસ્ટર્ડ વેચાણલેખ નં.૩૫૬૫ થી (૧) નાગરદાસ નથુભાઈ સુચક તથા (૨) પ્રવિણાબેન નાગરદાસ સુચક એ વેચાણ રાખેલ., તે વેચાણ રાખનારા પૈકી નાગરદાસ નથુભાઈ સુચક નુ અવસાન થવાથી વારસાઈ હકકે આ મિલ્કત અમારા અસીલને બાનાખત કરી આપનારાઓ ઉપરોકત પ્રવિણાબેન નાગરદાસ સુચક વિગેરેના માલીકી હકકે આવેલ છે. સદરહુ મિલ્કત સબંધે અમારા પાસેથી ટાઈટલ કલીયર સર્ટીફીકેટની માંગણી કરવામા આવેલ હોય જેથી સદરહુ મિલ્કત સબંધે કોઈ ઈસમ/વ્યકિતનુ કે, કોઈ નાણાકીય સંસ્થા કે, સરકારી, સહકારી કે અર્ધસરકારી સંસ્થાનુ હીત સમાયેલ હોય કે, ઉપરોકત મિલ્કત કોઈની પાસે ગીરો થયેલ હોય કે તેના ઉપર બોજો કરવામા આવેલ હોય તો અથવા કોઈ ઈસમ/વ્યકિતનો લાગભાગ, હકક–હિસ્સો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન–૩ મા લેખીતમા આધાર–પુરાવા સાથે રજીસ્ટર પોષ્ટ એ.ડી.થી જણાવવુ. અન્યથા તે અંગે કોઈને હરકત, વાંધા–તકરાર નથી અને જો હોય તો તેમણે સ્વેચ્છાએ જતા (વેઈવ) કરેલ છે તેમ માની અમારા તરફથી ટાઈટલ કલીયર સર્ટીફીકેટ/એન.ઓ.સી. ઈસ્યુ કરવામા આવશે. ઉપરોકત સમય વિત્યા બાદ તે અંગેની કોઈ જ તકરાર ગ્રાહય રાખવામા આવશે નહી જેની લાગતા–વળગતા સર્વેએ નોંધ લેવી.

તા. ૨૩/૦૩/૨૦૨૪

Pandya Advocates

**કૌશલભાઈ બી. પંડયા**
**એડવોકેટ**
અંબિકા ચેમ્બર્સ, માણેકપરા, અમરેલી


### તપાસ એજન્સીઓના દુરુપયોગનો કર્યો આક્ષેપ

## કેજરીવાલની ધરપકડના વિરોધમાં INDIA ગઠબંધનના નેતાઓ પહોંચ્યા ચૂંટણી પંચ

**દિલ્હી એક્સાઈઝ પોલિસી કેસમાં મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની ધરપકડને લઈને રાજનીતિ તેજ થઈ ગઈ છે**

નવી દિલ્હી, તા.૨૨

લોકસભાની ચૂંટણી માટે મતદાન શરૂ થાય તે પહેલા જ દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની ધરપકડના મુદ્દાએ જોર પકડ્યુ છે. કેજરીવાલ દિલ્હીના મુખ્યમંત્રી હોવા ઉપરાંત આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક પણ છે. આમ આદમી પાર્ટી લોકસભા ચૂંટણીમાં વિપક્ષ દ્વારા બનાવાયેલા ઈન્ડિ ગઠબંધનનો ભાગ છે. આવી સ્થિતિમાં, ઈન્ડિયા ગઠબંધનમાં સામેલ વિપક્ષી પાર્ટીઓએ હવે ચૂંટણી પંચનો સંપર્ક કર્યો છે અને તપાસ એજન્સીઓના દુરુપયોગ અને કેજરીવાલની ધરપકડ સામે પોતાનો વિરોધ નોંધાવ્યો છે. કોંગ્રેસ તરફથી અભિષેક મનુ સિંઘવી, ડેરેક ઓ'બ્રાયન, ટીએમસીમાંથી મોહમ્મદ નદીમુલ હક, સીપીઆઈએમના સીતારામ યેચુરી, સંદીપ પાઠક, આમ આદમી પાર્ટીના પંકજ ગુપ્તા, એનસીપી શરદ પવાર જૂથના જિતેન્દ્ર આવ્હાડ, ડીએમકેના જિતેન્દ્ર અવહાડ, પી વિલ્સન, સમાજવાદી પાર્ટીના જાવેદ અલી અને કોંગ્રેસ મહાસચિવ કેસી વેણુગોપાલે વિરોધ નોંધાવ્યો હતો. ઈન્ડિ ગઠબંધનની આ તમામ પાર્ટીઓ ભારત ગઠબંધનનો ભાગ છે અને તેમણે કેજરીવાલની ધરપકડ સામે અવાજ ઉઠાવ્યો છે. કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ ગુરુવારે સાંજે ટ્વીટ કર્યું હતું કે ડરેલા તાનાશાહ, મૃત લોકશાહી બનાવવા માંગે છે. મીડિયા સહિતની તમામ સંસ્થાઓ પર કબજો જમાવવો, પાર્ટીઓ તોડી નાખવી, કંપનીઓ પાસેથી પૈસા પડાવી લેવા, મુખ્ય વિપક્ષી પાર્ટીના ખાતા ફ્રીઝ કરવા એ 'શૈતાની શક્તિ' માટે પૂરતું નહોતું, હવે ચૂંટાયેલા મુખ્ય પ્રધાનોની ધરપકડ પણ એક મોટી ઘટના બની ગઈ છે. ઈન્ડિ ગઠબંધન આનો જડબાતોડ જવાબ આપશે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED), દિલ્હી એક્સાઈઝ પોલિસી કેસમાં મની લોન્ડરિંગની તપાસ કરી રહી છે. તેણે સતત નવ સમન્સ જારી કર્યા પછી ગુરુવારે રાત્રે કેજરીવાલની ધરપકડ કરી હતી. ધરપકડ પહેલા EDની ટીમ કેજરીવાલના ઘરે પહોંચી અને તેની તલાશી લીધી. આ પછી, ઈડીની ટીમે કેજરીવાલની ધરપકડ કરી અને હેડક્વાર્ટર લઈ ગઈ. તેમને રાતભર હેડક્વાર્ટરમાં રાખ્યા બાદ શુક્રવારે સવારે ઈડીએ અરવિંદ કેજરીવાલને કોર્ટમાં રજૂ કર્યા હતા.




મર્હુમા
આસુબેન
અલારખભાઈ ખોખર
પ્રથમ મહિલા સરપંચ
વિજપડી
અવસાન તારીખ
૧૨, રમઝાન
શુક્રવાર–૨૦૨૩

॥ સ્મરણાંજલી ॥

આજે પણ આપના લોખંડી મનોબળ
અને પરોપકારી ભાવનાને લોકો યાદ કરે છે.
'કોઈની વિરૂધ્ધ સહી નહિં કરે'
એવું ચુંટણી સભામાં એલાન કરાવનાર
૫૩૮ મતોની લીડથી ચૂંટાયેલા
**મર્હુમા આસુબેન**
**અલારખભાઈ ખોખર**
ને અમો શ્રધ્ધાંજલી પાઠવીએ છીએ.

: દુઆગીર :
મહેબુબભાઈ ખોખર – હારૂનભાઈ ખોખર
રહીમભાઈ ખોખર – કયુમભાઈ ખોખર
ગ્રામજનો–વિજપડી

: પૂર્વ સરપંચશ્રીઓ :
હાજી અકબરઅલી મુની (અમેરિકા)
હાજી હબીબભાઈ મુલ્તાની (અમદાવાદ)
એડવોકેટ યાકુબભાઈ રસભર્યા (સીની. મોસ્ટ રીપોર્ટર, સા.કુંડલા)


# અમરેલી ખાતે 'શાંત મન ખુશનુમા જીવન' સેમિનાર યોજાયો



આજના મોબાઈલ યુગમાં અને ભાગ દોડના જીવનમાં દરેક લોકો શાંતિ ને મેળવવા દોડ ધામ કરે છે શાંતિ મેળવવા માટે આંતર રાષ્ટ્રિય આધ્યાત્મિક વકતા બ્ર.કુ. શિવાનીદીદી એ તમામને શાંતિ મેળવવા પ્રથમ તમે કોણ છો તે સમજાવતા કહેલ કે તમે જયાં તિલક કરો છો ત્યા શક્તિશાળી સિતારો છે. તે હું આત્મા છું. આત્મા અજર અમર અવિનાશી છે. શાંતિ તેમના સંસ્કાર છે. શાંતિ મારા સ્વભાવમાં છે.

જીવનમાં ક્યારેય મુશ્કેલી આવે તો હું આત્મા તેમનો સામનો શાંતિ અને સ્થિરતા થી કરીશ. પરમાત્મા સુખ કર્તા અને દુઃખ હર્તા છે. આ પ્રસંગે દિપ પ્રાગટય બ્ર.કુ. શિવાનીદીદી બ્ર.કુ.ગીતાદીદી બ્ર.કુ. કિંજલદીદી, શિતલ આઈસક્રીમવાળા દિનેશભાઈ ભુવા, વજુભાઈ ગોલ, કાળુભાઈ ભંડેરી, ડો. ગજેરા તથા અશ્વિનભાઈ સાવલિયા કેતનભાઈ સોની, અમરેલી તાલુકાની કેન્દ્ર સંચાલિકા દીદીઓ તથા અથાક સેવાધારીભાઈ બહેનો તથા ફોરવર્ડ સ્કુલના તમામ ટ્રસ્ટીઓ કાર્યક્રમમાં હાજરી આપેલ તથા પાંચ હજાર જેટલા અમરેલી વાસીઓએ લાભ લીધેલ. તમામ રાજયોગના ૭ દિવસના કોર્ષ અમરેલી તથા જેસીંગપરા સેવા કેન્દ્ર પર સવાર ૭ સાંજે ૫ વાગે તથા ' રાત્રીના ૯ વાગે ચાલુ છે.

## દેશનાં પાટનગરમાં ‘‘આપ’’નાં હજારો કાર્યકરો માર્ગ પર આવી ગયા

# મુખ્યમંત્રી કેજરીવાલની ધરપકડને લઈને ‘‘આપ’’નો હંગામો

ઈડીએ કેજરીવાલને કોર્ટમાં રજુ કરી ૧૦ દિવસનાં રીમાન્ડની માંગ કરી

કોર્ટે નિર્ણય સુરક્ષીત રાખતાં આગામી કલાકો કે દિવસોમાં નિર્ણય થશે

કેજરીવાલનાં સમર્થનમાં વિપક્ષનાં અનેક નેતાઓએ સોશ્યલ મીડિયાથી ધરપકડનો કર્યો વિરોધ

પાટનગરનાં મુખ્યમંત્રીની ધરપકડનાં સમાચારો વિશ્વનાં મીડિયામાં ચમકયા



નવી દિલ્હી, તા.૨૨
આમ આદમી પાર્ટીના વડા અને દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલની દિલ્હી એક્સાઈઝ પોલિસી ૨૦૨૧-૨૨ના કથિત કૌભાંડમાં ગુરુવારે ED દ્વારા ધરપકડ કરવામાં આવી હતી. આજે અરવિંદ કેજરીવાલને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા છે તેમના ૧૦ દિવસના રિમાંડ માગવામાં આવ્યા હતા. પણ કોર્ટે નિર્ણય સુરક્ષીત રાખ્યો છે. આમ આદમી પાર્ટીના વડા અને દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલની દિલ્હી એક્સાઈઝ પોલિસી ૨૦૨૧-૨૨ના કથિત કૌભાંડમાં ગુરુવારે ઈડી દ્વારા ધરપકડ કરવામાં આવી હતી. આજે અરવિંદ કેજરીવાલને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા છે તેમના ૧૦

અનુસંધાન પાના ૬ ઉપર

### ‘‘અમરેલી એક્સપ્રેસ’’માં અહેવાલ પ્રસિધ્ધ થયા બાદ

## જસદણનાં પાટીદાર પરિવારની દીકરીની બીમારીનો અહેવાલ પ્રસિધ્ધ થતાં જ દાતાઓ મદદે દોડી ગયા

### રૂપલની બંને કિડની બગડી હોય સારવાર કરવામાં મદદ મળશે



અહેવાલ–તસ્વીર : પ્રતાપભાઈ ખુમાણ–સાવરકુંડલા

સાવરકુંડલા, તા. ૨૨
જસદણ પાટીદાર સમાજની દીકરી રૂપલ ડોબરીયાનો અહેવાલ પ્રસિદ્ધ તથા ચમારડી ગોપાલભાઈ વસ્તરપરા પરા દોડી ગયા હતા અને તમામ મદદની ખાત્ર આપી હતી.

તારીખ ૧૬/૩ ના અમરેલી એકસપ્રેસમાં જસદણ પટેલ પરિવારની દીકરી રૂપલ ડોબરીયાની બંને કિડની ફેઈલ થયેલા સમાચાર પ્રસિદ્ધ થયેલા.

આ વિગતો પાટીદાર સમાજના આગેવાન ચમારડી

અનુસંધાન પાના ૬ ઉપર

## વૃક્ષ જમીનદોસ્ત થાય તે પહેલા દૂર કરો



દામનગર શહેરમાં આવેલ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા નજીક એ.ટી.એમ.ની સામે દિવાલને અડીને વર્ષો જૂનું વૃક્ષ કેટલાય મહિનાઓથી મૂળમાંથી (દેખાય રહ્યા છે.) નીકળીને દિવાલને ટેકે નમી ગયેલ હોય. અહીથી પસાર થતા રાહદારીઓ, દુકાનદારો, વાહન ચાલકો અને બેંકમાં આવતા ગ્રાહકો ઉપર કયારે પડે તે નક્કી નહિ. કોઈ મોટું વાવાઝોડું અથવા તો કુદરતી રીતે આ નમી ગયેલ વૃક્ષ કોઈ જાનહાનિ થાય તે પહેલાં સબંધિત તંત્ર દ્વારા ઉતારી લેવામાં આવે તે જરૂરી છે.


Sheetal



Sheetal

Sheetal Restaurant - Ice Cream, South Indian & Fast Food

દરેક ખરીદી પર મેળવો કેશબેક

Earn

10%

Cashback

કોઈપણ ખરીદી પર

તમારું આગલું બિલ ચૂકવવા માટે તમારા કેશબેકનો ઉપયોગ કરો.

Terms & Conditions
- મિનિમમ રૂ. 999/- બિલની રકમ કેશબેક મેળવવા માટે જરૂરી છે.
- 2 ઓફર એક સાથે માન્ય નથી.
- ઓફર ફક્ત શીતલ રેસ્ટોરન્ટ - S.T. બસ સ્ટેન્ડ પાસે, અમરેલી પર જ માન્ય છે.
- કેશબેક ઓફર માત્ર રેસ્ટોરન્ટના બીલ પર જ માન્ય ગણાશે.

Location

શીતલ રેસ્ટોરેન્ટ
S.T. બસ સ્ટેન્ડ પાસે, અમરેલી. 9510959954

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

જોઇએ છે
કોમ્પ્યુટર ઓપરેટર.....................૨
CorelDraw, Photoshop, PageMaker 7 તથા ગુજરાતી ટાઇપીંગનાં અનુભવી
ઓફિસબોય..............................૧
ઓફિસનાં પરચુરણ કામકાજ માટે
અમરેલી શહેરનાં (સ્થાનિક) વ્યકિતઓએ જ સંપર્ક કરવો
રૂબરૂ મળવાનો સમય : ૧૨:૩૦ થી ૧:૩૦
‘‘અમરેલી એક્સપ્રેસ’’ દૈનિક
કાર્યાલય : અમરેલી જીલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
58,500/-
(૧૦ ગ્રામ)
રહેલ તા.૨૨/૦૩/૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા
૯૮૨૫૫ ૪૬૯૦૨

મોરબીના ભાવે અહિંથી મળશે
આપનાં સ્વપ્નનાં ઘરને સજાવો અમારી અવનવી અદ્યતન ડીઝાઈન વાળી વિવિધ ટાઈલ્સથી....
એકવાર અવશ્ય મુલાકાત લો...
ટાઈલ્સ હોલસેલ તથા રીટેલ મળશે.
ટાઈલ્સ ડીઝાઈન સ્ટુડિયો
લાઠી રોડ, બાયપાસ ચોકડી, અમરેલી
વિજયભાઈ મો.૯૯૦૧૭ ૯૯૭૫૭
કિશનભાઈ મો.૯૯૨૫૧ ૯૧૧૮૪
મયંકભાઈ મો.૯૯૦૯૯ ૭૭૭૦૫

નેત્ર ચિકિત્સા આયુર્વેદ હોસ્પિટલ દ્વારા આયોજીત
ફ્રી આયુર્વેદિક નિદાન કેમ્પ
તારીખ :-૨૦-૦૩-૨૦૨૪ થી ૨૬-૦૩-૨૦૨૪
આ કેમ્પમાં ઉપલબ્ધ સારવાર
- ડાયાબીટીસ, પેટના રોગો, એસીડીટી, કબજીયાત, ઝાડા, ચામડીના રોગોની તપાસ તથા સારવાર ઉપલબ્ધ.
- જુની શરદી, શ્વાસ, એલર્જી, નાકના મસાની તકલીફ, મોઢામાં ચાંદા પડવા, ગળાની તકલીફ વગેરેની તપાસ તથા સારવાર.
- કમરનો દુઃખાવો, ગાદીનો ઘસારો, વાની તકલીફ, માંસપેશીઓનો દુઃખાવો વગેરેની તપાસ તથા સારવાર.
- પેરાલીસીસ, ચિકનગુનિયા, સાંધાના દુઃખાવા, જુના સ્નાયુના દુઃખાવાના દર્દીઓ વગેરે માટે પંચકર્મ સારવાર
- હરસ-મસા-ભગંદર-ફિશર આદિ મળમાર્ગના રોગોની તપાસ તથા સારવાર.
- સ્ત્રીઓમાં જોવા મળતી માસિકધર્મની સમસ્યા, અનિયમિત માસિક આવવા, PCOD, નળીબંધ હોવી, સફેદ પાણીની તકલીફ, નિઃસંતાનપણું હોવું તથા સગર્ભા અવસ્થા તકલીફની તપાસ તથા સારવાર.
- બાળકોમાં જોવા મળતા રોગોની સારવાર.

નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ સંચાલિત
નેત્ર ચિકિત્સા આયુર્વેદ હોસ્પિટલ
ગોળ હોસ્પિટલ, ચિતલ રોડ, અમરેલી - ૩૬૫૬૦૧ (ગુજરાત) ફોનઃ- (૦૨૭૯૨) ૨૨૩૩૧૬, ૨૨૦૫૨૦


*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)